Friday 18, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વડાપ્રધાન મોદીના ૭૬મા જન્મદિવસની ઉજવણી થઈ

## વાપીમાં ૧૫ હજાર દિપ પ્રગટાવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)ર

**વાપી, તા. ૧૭ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં વાપીના અંબા માતા મંદિરના સંકુલમાં 'આશીર્વાદનો દીપ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ હજારથી વધુ લોકોએ ૧૫ હજારથી વધુ ૧૫ હજારથી વધુ દીવડા પ્રગટાવી ભવ્ય દીપોત્સવ અને મા અંબાની મહાઆરતી ઉતારી વડાપ્રધાનના દીઘાર્યુ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર નીતિન સાંગવાન અને પ્રોબેશનરી આઈ.એ.એસ. પિયુષ ઘટાલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આજે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે. ત્યારબાદ આયુષ્યમાન કાર્ડ યોજના, આદિવાસીઓ માટે વન બંધુ કલ્યાણ યોજના, માછીમારો માટે સાગરખેડૂ યોજના, જનધન યોજના સહિતની અનેકવિધ યોજનાથી લોકોના જીવન ધોરણમાં સુધારો કર્યો છે. નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી દરેક યોજનાનો લાભ તા. ૧૭ સપ્ટેમ્બર થી તા. ૧૭ ઓક્ટોબર સુધી લોકોને મળે તે માટે કાર્યક્રમો થઈ રહ્યા છે અને સ્વચ્છતા અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ સહિતના સેવા કાર્યો પણ ચાલી રહ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આજે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર, વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સહિત જિલ્લાની વિવિધ સંસ્થા, સંગઠનો, મંડળો અને સમાજના લોકો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે જે પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે લોકોનો પ્રેમ અને લાગણીના દર્શન કરાવે છે.



આ પ્રસંગે વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, કમિશ્નર એન.એફ.ચૌધરી, વાપી શહેર સંગઠનના પ્રમુખ મનિષ દેસાઈ, વાપીના ઉદ્યોગપતિ એ.કે.શાહ અને યોગેશ કાબરીયા સહિત અનેક આગેવાનો અને ૩૨ સંસ્થાના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મા અંબાની મહાઆરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

## રાતાની સારસ્વત સ્કૂલના ફાઉન્ડર અપૂર્વ પાઠકનું નિધન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીના રાતા ખાતે આવેલી સારસ્વત ઈન્ટરનેશનલ એકેડમી સ્કૂલના ફાઉન્ડર અપૂર્વ કિશોરભાઈ પાઠકનું આકસ્મિક નિધન થયું છે. તેમની ઉંમર ૫૮ વર્ષની હતી. પ્રાપ્ત માહિતી મુજબ તા. ૧૬-૦૯-૨૦૨૬ના રોજ મોડી રાત્રે તેમનું દુઃખદ અવસાન થયાના સમાચાર સવારે જણાતાં વલસાડ જિલ્લાના શિક્ષણ જગત અને તેમની સાથે સંકળાયેલા સ્નેહીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંબંધીઓમાં શોકની લાગણી ફેલાઈ છે. તેઓ વલસાડ જિલ્લાના શિક્ષણ જગતમાં મહત્વનું અને લોકપ્રિય સ્થાન ધરાવતા હતાં. વલસાડ જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના તેઓ પાયાના સ્થાપક પૈકીના હતાં. તથા સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ ગુજરાતના દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ પણ હતાં. તેઓ રાતાની સારસ્વત ઈન્ટરનેશનલ એકેડમીક સ્કુલ ઉપરાંત મગોદની વેદાંત મલ્ટીપર્પઝ સ્કુલ સાથે પણ



સંકળાયેલા હતાં. તેઓ વિદ્યાર્થી પ્રિય, શિક્ષણપ્રેમી, હસમુખા અને મિલનસાર અને પરગજુ સ્વભાવ ધરાવતા હતાં. અત્રે નોંધનીય છે કે અપૂર્વ પાઠક દમણગંગા ટાઈમ્સ દૈનિકની જાણીતી કોલમ કેરિયર ટ્રેકના પણ લેખક હતાં. સદ્ગતની અંતિમયાત્રા તા. ૧૮-૦૯-૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૯:૩૦ કલાકે તેમના ગોકુલવિહાર ટાઉનશીપના સરિતા રોહાઉસ ખાતેના નિવાસ સ્થાનેથી વાપી જીઆઈડીસી સ્થિત દમણગંગા મુક્તિધામ સ્મશાન ખાતે જશે.

## વલસાડ પાલિકાની ટી.પી. સ્કીમો ત્રણ વર્ષથી કાગળ પર!

### અબ્રામા-મોગરાવાડી અને વલસાડ-પારડી વિસ્તારના આયોજન મુદ્દે પ્રમુખ અને ચીફ ઓફિસરને રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ પાલિકા વિસ્તારમાં સાડા ત્રણ વર્ષ થી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સર્વાનુમતે ઠરાવો કરવા છતાં રાજ્ય સરકાર સમક્ષ નહિ મોકલાવતા પાલિકા સભ્ય એ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવા માંગ કરવામાં આવી છે. વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ઝડપથી વધી રહેલા શહેરીકરણ વચ્ચે આયોજનબદ્ધ વિકાસ માટે બનાવવામાં આવેલી ટાઉન પ્લાનિંગ સ્કીમો છેલ્લા સાડા ત્રણ વર્ષથી લાલિયાવાડી અને તંત્રની ઉદાસીનતાનો ભોગ બની હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ટાઉન પ્લાનિંગ એન્ડ સિટી ઈમ્પ્રૂવમેન્ટ કમિટી દ્વારા ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સર્વાનુમતે પસાર કરાયેલા મહત્વપૂર્ણ ઠરાવો આજદિન સુધી સામાન્ય સભાની આખરી મંજૂરી મેળવી રાજ્ય સરકાર સમક્ષ ન મોકલાતાં વિવાદ સર્જાયો છે. આ અંગે પાલિકા સભ્ય નિતેશભાઈ વશીએ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી કે વલસાડ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ૧૩/૦૨/૨૦૨૩ના રોજ મળેલી બેઠકમાં અબ્રામા-મોગરાવાડી વિસ્તારની નવી ટી.પી. સ્કીમો તેમજ વલસાડ શહેરની ટી.પી.-૧ અને ટી.પી.-૨ ના રિવાઈઝ્ડ આયોજન સંબંધિત ઠરાવ નં. ૧.૧ થી ૧.૪ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં ઉત્તર તરફના આશરે ૮૫.૬૯ હેક્ટર વિસ્તાર ધરાવતી સૂચિત 'નગર રચના યોજના નં.-૩ (વલસાડ-પારડી)' ના આયોજન માટે જમીનની માપણી, ટેન્ડર પ્રક્રિયા અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજક (ગાંધીનગર) સાથે પરામર્શ મેળવવાની કામગીરી સામાન્ય સભામાં બહાલી મેળવી સરકારમાં મોકલવાનું નક્કી થયું હતું.

લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર, નિયમ મુજબ આ ઠરાવો પાલિકાની સામાન્ય સભામાં મૂકીને સરકાર સમક્ષ મોકલવાના હતા. પરંતુ સાડા ત્રણ વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં જાહેર રેકોર્ડ મુજબ આ ઠરાવો અસરકારક રીતે સામાન્ય સભામાં મંજૂરી અર્થે રજૂ કરાયા નથી કે સરકારમાં દરખાસ્ત મોકલાઈ નથી. તાજેતરમાં પાલિકાની સામાન્ય સભામાં પણ આ મુદ્દે ચર્ચા છેડાઈ હતી.

શહેરીજનોમાં થઈ રહેલી ચર્ચા મુજબ જો સમયસર ટી.પી. સ્કીમો અમલમાં ન આવે તો શહેરનો આયોજનબદ્ધ વિકાસ રુંધાઈ શકે છે અને ગેરકાયદે બાંધકામોને પ્રોત્સાહન મળી શકે છે. હાલ આ મામલે કાયદેસર પ્રક્રિયા મુજબ તાત્કાલિક સામાન્ય સભા બોલાવી દરખાસ્ત સરકારમાં મોકલવાની ઉગ્ર માંગ ઉઠી છે.

## ચીખલી પોલીસે કામદારોને ક્લીયરન્સ સર્ટી જારી કરી આપ્યા

### ઔદ્યોગિક એકમો દ્વારા વર્કરો પાસેથી પોલીસ ક્લીયરન્સ સર્ટીની માંગણી કરતા બે અઢી મહિનામાં પાંચ હજારથી પણ વધુ સર્ટી ઈસ્યુ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૭ :** ચીખલી તાલુકાના કેટલાક ગામોમાં નવી નવી કંપનીઓ આકાર લઈ રહી છે. જેમાં દરેક ટ્રેડમાં વર્કરોની ભરતી કરવામાં આવી રહી છે ત્યારે આ વર્કરો પાસેથી જરૂરી કાગળો સાથે પોલીસ નું વેરિફિકેશન સર્ટી પણ માંગવામાં આવી રહ્યું છે. ત્યારે ચીખલી પોલીસ મથકમાં છેલ્લા બે અઢી મહિનામાં ૫,૦૦૦થી પણ વધુ પોલીસ સર્ટિ આપવામાં આવ્યા છે. નવસારી જિલ્લાના તાલુકા ભરમાં ઔદ્યોગિક એકમો ધમધમી રહ્યા છે અને હજુ પણ નવા નવા ઔદ્યોગિક એકમો આકાર પામી રહ્યા છે જેમાં ચીખલી તાલુકાના કેટલાક ગામોમાં ઔદ્યોગિક એકમો માં અલગ અલગ ટ્રેડોમાં વર્કરોની ભરતી કરવામાં આવી રહી છે ત્યારે આવા વર્કરો પાસે જરૂરી ડોક્યુમેન્ટ સાથે સ્થાનિક પોલીસ ક્લિયરન્સ સર્ટી પણ માંગવામાં આવી રહ્યું છે ત્યારે ચીખલી તાલુકાના સુંઠવાડ ગામે સૌથી મોટું એકમ સોલાર (વારી) કંપની ચાલી રહી છે જેમાં હજારોની સંખ્યામાં મજૂરો કામ કરી રહ્યા છે.

જો કે થોડા સમય અગાઉ હાઈવે ઉપર કંપનીના કર્મચારીને કોઈ અજાણ્યા તત્વો દ્વારા મારવામાં આવ્યો હતો. જેનો પોલીસ કેસ પણ થયો હતો ત્યારે કંપનીમાં કામ કરતા કર્મચારીઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવી ચોરી છુપીથી કામ કરતા હોય જેના કારણે હવે ચીખલી તાલુકામાં ધમધમતા ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારીઓ પાસેથી પોલીસ ક્લીયરન્સ સર્ટીની માંગણી કરતા ચીખલી પોલીસે છેલ્લા બે અઢી મહિના દરમિયાન ૫,૦૦૦ થી વધુ જેટલા પોલીસ ક્લીયર સર્ટી ઈશ્યૂ કર્યા છે જોકે ઈસ્યુ કરેલા સર્ટીમાં કેટલાક સરકારી કર્મચારીઓ જે નવી નોકરી મેળવવાના હોય તેને પણ ઈસ્યુ કરવામાં આવ્યા છે.







# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા


ભવાની મંદિર, ખેરગામ


શાંતિનગર, ખેરગામ


દશેરા-આહિર, ખેરગામ


ગોહિલવાડ, ખેરગામ


રામજી મંદિર, ખેરગામ


વૃંદાવન, ખેરગામ


શ્રી ગણેશ મહાદેવ નવજીવન ગણેશ મંડળ, બીલીમોરા


શ્રી સાર્વજનિક ગણેશ મંડળ, વખાર ફ. બીલીમોરા

## BAPSના બાળકો દ્વારા ભગવદ્ ગીતા આધારિત પ્રેરણાદાયી પારાયણ યોજાયો

**બીલીમોરા, તા.૧૭ :** પવિત્ર ચાતુર્માસ અને શ્રાવણ માસ નિમિત્તે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી BAPS સ્વામિનારાયણ સંસ્થામાં બાળ-બાલિકાઓ દ્વારા ભગવદ્ ગીતા આધારિત વિશેષ પારાયણ યોજાઈ હતી. વ્યારા અક્ષરવાડી પ્રમુખસ્વામી સભા મંડપમાં હરિભક્તોની ઉપસ્થિતિ વચ્ચે બાળકોએ આત્મવિશ્વાસ, સંયમ અને ભગવાનની શરણાગતિ જેવા ગીતાજીના ત્રણ મુખ્ય શ્લોકોને કેન્દ્રમાં



રાખી નૃત્ય, સંવાદ, વક્તવ્ય અને એકપાત્રીય અભિનય થકી અદ્ભુત પ્રસ્તુતિ કરી સૌના મન મોહી લીધા હતા. આ પ્રસંગે પૂજ્ય આદર્શસેવા સ્વામી, પૂજ્ય યોગીતીર્થ સ્વામી તેમજ કાર્યકરોએ ભાગ લેનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## વાંસદા કોલેજમાં સેતુ પ્રકલ્પ અને વિકાસ સપ્તાહ ઉજવાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાંસદા, તા. ૧૭ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા ખાતે સેતુ પ્રકલ્પ અને વિકાસ સપ્તાહ-૨૦૨૬ના સંયુક્ત ઉપક્રમે પોષણ અને આરોગ્ય (આહાર) જનજાગૃતિ ઝુંબેશ તથા મફત સર્વરોગ આયુર્વેદ નિદાન-સારવાર કેમ્પ યોજાયો. કૉલેજના આચાર્ય ડૉ.વાય.જે. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં યોગ અને પ્રાણાયામ, માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ, મહિલાઓને થતાં ગંભીર રોગો અંગે માર્ગદર્શન વ્યાખ્યાન તથા પોષણ અને સંતુલિત આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ વિશેષ તરીકે વાંસદાનાં સામાજિક કાર્યકર્તા અને એડવોકેટ પ્રદ્યુમનસિંહ સોલંકી, ઉપસ્થિત રહ્યા હતાં. યોગ ટ્રેનર તરીકે મિતલ પટેલ, ભાવિક પટેલ, પૂર્વીબેન પટેલ અને જેસલબેન સોલંકીએ સેવાઓ આપી હતી.

આ પ્રસંગે સેતુ પ્રકલ્પ અંતર્ગત કૉલેજ યોજાયેલી વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધલેખન, વકતૃત્વ, રંગોળી, સૂત્રલેખન અને ક્વિઝમાં સહભાગી બનેલા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.તથા ડૉ. નયનાબેન પટેલે પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં કૉલેજના IQAC કૉ-ઓર્ડીનેટર અજીતભાઈ આર. પટેલ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વૈશાલીબેન જે. પટેલ અને પ્રા.મહેશભાઈ ગામીત, સમગ્ર અધ્યાપકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ.નિમુબેન એસ. ચૌધરીએ કર્યું હતું. અંતે સેતુ પ્રકલ્પના નોડલ ઓફિસર ડૉ. સ્નેહલબેન કે. ગામીતે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરાના માછીવાડમાં 'લાલબાગ ચા રાજા'ના દરબારમાં લોકો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૭ :** બીલીમોરાના માછીવાડ વખાર ફળીયા ખાતે 'ફ્રેન્ડ્સ ગ્રુપ - કિંગ્સ ઓફ બીલીમોરા' દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી સાર્વજનિક ગણેશોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ ૧૯૯૩માં સુરેશ જમનાદાસ ધીમ્મર દ્વારા માત્ર રૂ.૬૫ની નાની પ્રતિમાથી શરૂ થયેલી આ યાત્રા આજે લોકઆસ્થાના મહાપર્વમાં ફેરવાઈ ચૂકી છે. છેલ્લા નવ વર્ષથી મુંબઈના વિખ્યાત લાલબાગચા રાજાના મૂર્તિકાર સંતોષ રત્નાકર કાંબલીના હસ્તે ઘડાયેલી ભવ્ય મૂર્તિ લાવવાની પરંપરા અહીં અકબંધ છે. માનતા પૂરી કરતા


આ ગણેશજીના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે.

આ વર્ષે ૪૦ ફૂટ જેટલા ઊંચા વિશાળ ડોમમાં ભગવાન શ્રીકૃષ્ણની મનોહર ઝાંખી ઊભી કરવામાં આવી છે, જે શ્રદ્ધાળુઓમાં ભારે આકર્ષણ જગાવી રહી છે. દરરોજ ભક્તિ સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોને પગલે પંડાલમાં મેળા જેવો ઉત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.

બીલીમોરા અને આસપાસના વિસ્તારોમાંથી હજારો ભક્તો દુંદાળા દેવના આશીર્વાદ લેવા ઉમટી રહ્યા છે, ત્યારે ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આહવામાં રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૧૭ :** સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત ડાંગ જિલ્લામાં પણ વિવિધ સેવાલક્ષી અને જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત 'સેવા મેરા યોગદાન'ના સંકલ્પ સાથે તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આહવાના ડાંગ દરબાર હોલ ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા રેડક્રોસ સોસાયટી ડાંગના સહયોગથી આહવા ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલ, ડાંગ ભાજપા પાર્ટીના સંગઠન પ્રભારી રાજેશ દેસાઈ, પ્રમુખ કિશોરભાઈ ગાવિત તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હિમાંશુ ગામીત, સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. મિતેશ કુનભી સહિતના આરોગ્ય અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ રક્તદાન કેમ્પમાં વિવિધ ક્ષેત્રના નાગરિકો, અધિકારીઓ-કર્મચારીઓ તથા સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રક્તદાન કરનાર દાતાઓએ માનવસેવાના આ ઉમદા કાર્યમાં પોતાનું યોગદાન આપી 'સેવા મેરા યોગદાન' ના સંકલ્પને સાકાર કર્યો હતો. બપોરના ત્રણ વાંગ્યા સુધીમાં આ કેમ્પ દરમિયાન કુલ ૩૩ યુનિટ બ્લડ એકત્ર કરાયું હતું.

## ભદરપાડામાં વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૭ :** દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પહેલથી શરૂ થયેલા એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત, ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં સમાવિષ્ટ ભદરપાડા ગ્રૂપ ગ્રામ પંચાયત દ્વારા ચાલુ વર્ષે ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગામમાં કોઇ પણ પ્રસંગની ઉજવણીના ભાગરૂપે અવશ્ય વૃક્ષારોપણ કરી ગામને હરિયાળુ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



જેના ભાગરૂપે આજરોજ ભદરપાડા ગામના સનીબેન અરવિંદભાઇના ઘરે દીકરાનો જન્મ થતાં ગામના આગેવાનોએ વૃક્ષારોપણ કર્યું હતું. જ્યારે ગત દિવસોમાં ગામના જ સ્વ.ગુલાબભાઇ વાઘનું કુદરતી મૃત્યુ થતાં, તેમના પરિવારજનોએ પણ તેઓની યાદમાં વૃક્ષારોપણ કરી ગામને હરિયાળું બનાવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## પિંપરીના કુમાર અને કન્યા છાત્રાલયના નવા બિલ્ડીંગનું ખાતમુહર્ત કરાયું

### દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ઘ્લ્સ્ ફંડ માંથી રૂ. ૨ કરોડ ૪૩ લાખના ખર્ચે નિર્મિત બે છાત્રાલયોનું ખાતમુહર્ત કરાયું



**આહવા, તા. ૧૭ :** દેશના વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે સેવા સમર્પણના ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત આજરોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના અધ્યક્ષ સ્થાને પિંપરી ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ.ગુ.વિ.કં.લિ. ના કોર્પોરેટર સોશિયલ રિસ્પોન્સિબીલિટી (CSR)ના ફંડમાંથી ડાંગ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આહવા ડાંગ સંચાલિત સરકારી આશ્રમ શાળા, પિંપરીના કુમાર અને કન્યા છાત્રાલયના નવા બિલ્ડીંગનું ખાતમુહર્ત/ભૂમિપૂજન સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના CSR ફંડમાંથી રૂા.૨ કરોડ ૪૩ લાખના ખર્ચે નિર્મિત બે છાત્રાલયો મંજૂર કરવા બદલ DGVCL અને JETCOનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામિતે જણાવ્યું હતું કે, પાયામાં ગુણવત્તાવાળું શિક્ષણ મળશે તો દરેક વ્યક્તિ પોતાનું જીવન સારું બનાવી શકશે તેમજ રાષ્ટ્રને પણ મહાન બનાવશે. કાર્યક્રમ બાદ મહાનુભાવો દ્વારા શાળા પરિસરમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. તેમજ પિંપરી પ્રાથમિક શાળા અને મુખ્ય બજાર વિસ્તારમાં મહાનુભાવો સહિત જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારે સફાઇ અભિયાન હાથ ધર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ પોતે ઝાડું પકડી સાફ સફાઇ કરી, સૌ ગ્રામજનોને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. સાથે જ કલેક્ટરએ પ્રાથમિક શાળાની મુલાકાત કરી શાળાની ભૌતિક સુવિધાઓનો તાગ મેળવ્યો હતો. તેમજ શાળા પરિસરમાં સ્વચ્છતા જાળવી રાખવા જણાવ્યું હતું.

## વાંસદામાં સંગીતકાર જયકિશનજીને ૫૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૭ :** પ્રખ્યાત સંગીતકાર જોડી શંકર - જયકિશનમાંના જયકિશનજી પંચાલની ૫૫મી પુણ્યતિથિ નિમિત્તે વાંસદામાં ભાવભીની શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધી મેદાન ખાતે આવેલી જયકિશનજીની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવોએ પુષ્પહાર અર્પણ કરી સંગીતજગતના આ મહાન સપૂતને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.



વાંસદામાં ૪ નવેમ્બર, ૧૯૨૯ના રોજ જન્મેલા જયકિશનજીએ શંકરજી સાથે મળીને હિન્દી ફિલ્મ સંગીતને નવી ઊંચાઈ અપાવી હતી. 'બરસાત', 'શ્રી ૪૨૦', 'સંગમ', 'જંગલી' અને 'સૂરજ' સહિત અનેક ફિલ્મોમાં તેમણે આપેલું સંગીત આજે પણ સંગીત પ્રેમીઓમાં લોકપ્રિય છે. શંકર-જયકિશનની જોડીએ અનેક યાદગાર ફિલ્મો માટે સંગીત આપ્યું હતું. તેમની સંગીતસાધનાને ફિલ્મફેર એવોર્ડ સહિત અનેક સન્માનો મળ્યા હતા. વર્ષ ૧૯૬૮માં ભારત સરકારે તેમને પદ્મશ્રીથી પણ સન્માનિત કર્યા હતાં.

પુણ્યતિથિના કાર્યક્રમમાં પદ્યુમનસિંહ સોલંકી, નટુભાઈ પંચાલ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ આશિષભાઈ દેસાઈ, ભૂપેન્દ્રભાઈ પટેલ, જયેશભાઈ પારેખ સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત ફાઉન્ડેશનના પ્રમુખ હરદીપભાઈ દેસાઈ, મયૂર પારેખ, નિરજ પારેખ, હરદીપ સગર તથા પ્રીતિબેન પારેખ સહિતના આગેવાનો હાજર રહ્યા હતાં.

પ્રતિમાને પુષ્પાંજલિ બાદ ઉપસ્થિત સૌએ જયકિશનજીના સુપ્રસિદ્ધ ગીતોનું સામૂહિક ગાન કરી સંગીતમય માહોલમાં તેમની યાદને જીવંત કરી હતી.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૮-૦૯-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** શ્રાવણ, સાતમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૦ **સૂર્યાસ્ત** ૦૬ :૩૬, **ચંદ્રોદય** - ૧૨:૫૪ **ચંદ્રાસ્ત** - ૧૧:૩૬ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** પરિવારનો સહયોગ મળશે અને મન -સન્ન રહેશે. મહત્વના નિર્ણયમાં ઉતાવળ ટાળવી. સ્વાસ્થ્ય માટે પૂરતો આરામ લેવો.
**વૃષભ (બ, વ, ઉ) :** પરિવાર સાથે સારો સમય પસાર થશે. કોઈપણ મોટો નિર્ણય વિચારપૂર્વક લેવો.
**મિથુન (ક, ઘ, ચ) :** આવક વધારવાની તક મળી શકે છે. સંબંધોમાં મધુરતા રહેશે. આજે આત્મવિશ્વાસ સાથે આગળ વધવું.
**કર્ક (ડ, હ) :** આર્થિક સ્થિતિ સામાન્યથી સારી રહેવાની શક્યતા છે. જીવનસાથીનો સહયોગ મળશે. આરામ અને ઊંઘનું ખાસ ધ્યાન રાખવું.
**સિંહ (મ, ટ) :** આર્થિક લાભની શક્યતા છે, પરંતુ બિનજરૂરી ખર્ચ ટાળવો. પરિવાર સાથે ખુશીનું વાતાવરણ રહેશે. ઉતાવળમાં નિર્ણય ન લેવો.
**કન્યા (પ, ઠ, ણ) :** પૈસાની લેવડદેવડમાં સાવચેતી રાખવી. પરિવારની મદદ અને સહયોગ મળશે. સ્વાસ્થ્ય માટે નિયમિત ખોરાક અને આરામ જરૂરી છે.
**તુલા (ર, ત) :** મિત્રો અને પરિવારનો સહયોગ મળશે. દિવસ ઉત્સાહ અને ખુશીથી પસાર થશે.
**વૃશ્ચિક (ન, ય) :** પરિવાર સાથે નાની ગેરસમજ થઈ શકે, તેથી શાંતિથી વાત કરવી. ધીરજ રાખવાથી લાભ મળશે.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** આવક વધારવાનો કોઈ નવો માર્ગ મળી શકે છે. પ્રેમ અને પારિવારિક સંબંધોમાં ખુશી રહેશે. નવા કામની શરૂઆત માટે આત્મવિશ્વાસ જાળવો.
**મકર (ખ, જ) :** ધંધામાં ધીમે ધીમે પ્રગતિ થઈ શકે છે. વડીલોનો સહયોગ અને આશીર્વાદ મળશે. સ્વાસ્થ્ય માટે પૂરતો આરામ લેવો.
**કુંભ (ગ, સ, શ, ષ) :** મિત્રો અને પરિવાર તરફથી મદદ મળશે. મનમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધશે.
**મીન (દ, ચ, થ, ઝ) :** પરિવાર સાથે સુખદ સમય પસાર થશે. કોઈ મહત્વપૂર્ણ અથવા ખુશીના સમાચાર મળી શકે છે. જીવનસાથીનો સહયોગ મળશે. પ્રેમ અને પારિવારિક સંબંધોમાં ખુશી રહેશે.

## દમણ રેડિયો

**102.3 FM**

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | | |
| 9 | | | 7 | 1 | | | 3 | |
| | | | | | | 9 | 2 | 7 |
| | 8 | | | | | 1 | | |
| | 5 | 4 | 9 | | 2 | 3 | 6 | |
| | | 3 | | | | | 4 | |
| 5 | 1 | 9 | | | | | | |
| | 7 | | | 5 | 6 | | | 1 |
| | | | | | 8 | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 1 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 1 | 4 | 2 | 7 | 6 | 3 | 9 | 5 |
| 2 | 6 | 3 | 4 | 5 | 9 | 7 | 8 | 1 |
| 1 | 4 | 8 | 9 | 6 | 5 | 2 | 7 | 3 |
| 7 | 3 | 9 | 8 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 3 | 4 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 | 2 | 8 |
| 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 6 | 4 |
| 6 | 9 | 2 | 5 | 8 | 4 | 1 | 3 | 7 |

ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા રૂ. ૨૧.૧૨ લાખની સીએસઆર સહાય

## વાપીની જનસેવા હોસ્પિટલને રૂ. ૨૧.૧૨ લાખની સીએસઆર સહાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલ ખાતે ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત હોસ્પિટલને વિવિધ જરૂરી તબીબી સાધનો અર્પણ કરવા માટે હેન્ડિંગ ઓવર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. તરફથી અબુબકર, ધારા, સુધા પ્રજાપતિ, તબસ્સુમ, કેતનભાઈ, જયેશભાઈ, યોગેશભાઈ સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલને આશરે ૨૧.૧૨ લાખની સીએસઆર સહાય આપવામાં આવી છે. આ સહાય અંતર્ગત ડાયાલિસિસ મશીનો, બર્થિંગ બેડ, લેસર થેરાપી સાધન, એસીટી મશીન તથા અન્ય જરૂરી તબીબી સાધનો હોસ્પિટલને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ તબીબી સાધનોના ઉમેરાથી હોસ્પિટલની આરોગ્ય સેવાઓ વધુ મજબૂત બનશે અને જરૂરિયાતમંદ દર્દીઓને વધુ સારી તથા સુવિધાયુક્ત તબીબી સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ મદદ મળશે.

આ પ્રસંગે જનસેવા મંડળના હેમંતભાઈ દેસાઈ, શ્રેયસ મેડિકેરના પ્રમુખ નિમિષભાઈ, મેનેજિંગ ટ્રસ્ટી સુરેખ દેસાઈ તેમજ ટ્રસ્ટીઓ યતિનભાઈ શાહ, રાજીવ શાહ, વિનયભાઈ દેસાઈ, મુકેશભાઈ ભાટેલા, કિરણભાઈ દેસાઈ, દીપક અગ્રવાલ સહિત હોસ્પિટલ મેનેજમેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. અને તેમની સમગ્ર ટીમનો છેલ્લા ઘણા વર્ષોથી મળતા સતત અને અમૂલ્ય સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા કરવામાં આવતી સીએસઆર પ્રવૃત્તિઓ આરોગ્ય ક્ષેત્રે સમાજના જરૂરિયાતમંદ વર્ગ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. આ સહયોગના પરિણામે હોસ્પિટલની સુવિધાઓમાં વધારો થઈ રહ્યો છે અને વધુમાં વધુ દર્દીઓને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મદદ મળી રહી છે. શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલના પ્રતિનિધિઓએ આશા વ્યક્ત કરી હતી કે ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ. અને શ્રીયસ મેડિકેર વચ્ચેનો આ સુંદર સહયોગ અને સેવાભાવી સંબંધ ભવિષ્યમાં પણ સતત આગળ વધતો રહેશે.

હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા ઓરોરિયમ ઈન્ડિયા પ્રા. લિ.ની ઉદારતા, વિશ્વાસ અને સતત સહયોગ બદલ હાર્દિક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.

## વાપી કેબીએસની વિદ્યાર્થિનીઓ કરાટે સ્પર્ધામાં ઝળકી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** ચણોદ કોલોની સ્થિત કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે રમત ક્ષેત્રનુ પણ વિશેષ જ્ઞાન અને તાલીમ પૂરી પાડવામાં આવે છે.

૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત દ્વારા આયોજિત આંતર-કોલેજ કરાટે સ્પર્ધા (મહિલા વિભાગ)માં સદર કોલેજના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધા દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ કૌશલ્ય, દ્રઢ નિશ્ચય અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. M.Com. Part-1 ની વિદ્યાર્થિની સોનલ ચૌરસિયાએ શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે F.Y.B.C.A.ની વિદ્યાર્થિની અનીતા ભગતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. દરેક વિદ્યાર્થિનીઓને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડૉ. મયુર પટેલ તેમજ રમતના સહાયક રોહિત સિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ અને કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

આચાર્ય એ બંને મેડલ વિજેતાઓને તેમના નોંધપાત્ર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યની સ્પર્ધાઓમાં પણ તેઓ સતત સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ આપી હતી.

## વાપીની રોફેલ કોલેજમાં ઈનામ વિતરણ-વ્યાખ્યાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** શ્રીમતી સી.ડી.જો બાલીયા રોફેલ આર્ટસ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં તારીખ ૧૦/૦૯/૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં યુનીવર્સીટી પરીક્ષામાં મેળવેલ સિદ્ધિઓને બિરદાવવા તથા તેમના ઉત્સાહમાં વધારો કરવા માટે 'ઈનામ વિતરણ'તેમજભારતીય જ્ઞાન પરંપરા વિષય પર'વ્યાખ્યાન' નું આયોજન કરવામાં આવ્યું. આકાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજના આચાર્ય પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભેર સ્વાગત કરી તેમનો પરિચય આપવામાં આવ્યો. ત્યાર બાદ યુનીવર્સીટી પરીક્ષામાં કોલેજ કક્ષાએ સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા. ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારબાદ વક્તાશ્રી ડૉ. સાગર દવે (OSD-NEP, KCG, GUJARAT)દ્વારાભારતીય જ્ઞાન પર્માપરા વિષય પર પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક વ્યાખ્યાન આપ્યું.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં આભારવિધિ કોલેજનાપ્રાધ્યાપક ડૉ. એમ.યુ. દરૂ દ્વારાકરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત મહેમાનો, આચાર્ય, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું ગૌરવપૂર્ણ સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આચાર્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું જેનુંસંચાલન ડૉ. અમિતા ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પારડીના બાલાખાડીના રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળમાં રક્તદાન કેમ્પ યોજાયો



**પારડી, તા. ૧૭ :** પારડી બાલાખાડીના રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળ પારડી શહેર દ્વારા આજરોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિન નિમિત્ત ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહિલાઓ સહિત વિશાળ સંખ્યામાં આ વિસ્તારના યુવાનોએ રક્તદાન કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરી હતી. અહીં બાલાખાડી ના રાજા એટલે કે શ્રી ગણેશ ભગવાનના પ્રતિમા પાસે વહેલી સવારથી માનવ સેવા આરોગ્ય કેન્દ્ર બ્લડ બેન્કના કાર્યકર્તા સંજયભાઈ બારીયા અશોકભાઈ ક્રિષ્નાની અજયભાઈ અને ડોક્ટરની ટીમ આવી પહોંચી હતી વહેલી સવારથી મંડળના કાર્યકર્તા શાહીનભાઈ પટેલ રાજેશભાઈ પટેલ સતિષભાઈ ચૌહાણ રમેશભાઈ પટેલ પંકજભાઈ પટેલ જેસીંગભાઈ ભરવાડ આવી પહોંચ્યા હતા સર્વપ્રથમ રીટાબેન રાજેશભાઈ પટેલ તેઓએ રક્તદાન કર્યો હતો ત્યારબાદ તેજસભાઈ પટેલ નિમેષભાઈ પટેલ વગેરે વિશાળ સંખ્યામાં યુવાનોએ રક્તદાન કર્યો હતો.

સમડી ચોકના ગણેશજીનું સ્થાન ધરમપુરવાસીઓ માટે મુંબઈના લાલબાગના રાજા જેવું

## ધરમપુરમાં છેક ઈ.સ. ૧૯૮૪માં ઈકો ફ્રેન્ડલી ગણેશની શોભાયાત્રા ગજરાજ પર નિકળી હતી

**ધરમપુરમાં સમડીચોક યુવક મંડળ દ્વારા ગણેશ ઉત્સવ દરમ્યાન લક્કી ડ્રો દ્વારા એકત્રિત થયેલ ધન રાશિ થી સમડી ચોક ઉપર સ્વામિ વિવેકાનંદની, સ્મશાન ગૃહ ધરમપુર ખાતે ભગવાન શિવજીની પ્રતિમાઓ મુકવામાં તથા રાજવી સમયના ધરમપુરના ઐતહાસિક મનહરઘાટ ઉપર આવેલા ત્રણ પ્રાચીન મંદિરો ના જીણોદ્ધાર તથા ત્યાંના બગીચાના વિકાસમાં પણ આર્થિક સહકાર આપવામાં આવ્યો હતો**

**માહિતી અને તસવીર સૌજન્ય : નિમેષ ભટ્ટ, ધરમપુર**

**ધરમપુર, તા. ૧૭ :** ધરમપુરનું સૌથી જાણીતું, ધમધમતું અને શહેરની મધ્યમાં આવેલું સ્થળ એટલે સમડી ચોક. ધરમપુર ના રાજવી સમયકાળમાં આ ચોકમાં એક વિશાળકાય સમડીનું વૃક્ષ હતું. આ વૃક્ષને કારણે આ સ્થળનું નામ 'સમડી ચોક' પડ્યું હતું.રાજવીએ પોતાના મહેલ દરબાર ગઢ ની અડીને આવેલા સમડી ચોક ઉપર અને પાંજરોળીયા ફળીયામાં ક્ષત્રિય પરિવારોને વસાવ્યા આવ્યા હતા. તેમાં પાંજરોળીયા, ઘરીયા, રાવલજી, વાંસિયા તથા ગૌસ્વામી તેમજ મરાઠા સિંધે પરિવાર મુખ્યત્વે છે ઘેલા પાંજરોળીયા નો ધરમપુર બચાવવાનો સંઘર્ષ, રાજવી સમયના પુસ્તકોમાં નોંધાયેલો છે. સમડી ચોક માત્ર એક સ્થળ નથી; તે આઝાદી બાદ પણ ધરમપુરના હિત માટેના સંઘર્ષ અનેક પરંપરાઓનું આગેવાની કરવાનું સાક્ષી છે. ધરમપુરના અને હિંદુઓ ના હિત માટે સમડીચોક ના ભીડવીરો કોઈપણ સંઘર્ષ કરવા તત્પર જ હોય છે.જેથી ગુજરાતમાં જે રીતે અમદાવાદ ના ખાડિયા વિસ્તારનું સ્થાન છે એ રીતે ધરમપુર તાલુકા નું ખાડિયા એ સમડી ચોક છે. સમડી ચોક ઉપર રાજવી સમયથી પ્રગટતી આવતી ધરમપુરની હોળી આજે પણ ગુજરાતના સૌથી મોટી હોળીનું સ્થાન ધરાવે છે. સમડી ચોક પર ૭૦ ના દાયકાથી ગણેશજી મહોત્સવ પણ ખૂબ જ ધામધૂમ અને ભક્તિભાવથી ઉજવાતો આવ્યો છે. વર્ષો સુધી ધરમપુર પંથકમાં ગણેશજીની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપિત થતી હોય તો તે સમડી ચોકની ગણેશ પ્રતિમા હતી. ગણેશજી ભવ્ય પ્રતિમાઓ, આધ્યાત્મિકતા અને નાગરિકો ના સંગઠનના કારણે સમડી ચોકના ગણેશજી ધીમે ધીમે સમગ્ર ધરમપુર પંથકના લોકહૃદયમાં વિશેષ સ્થાન બનાવતા ગયા. સને ૧૯૮૪માં સમડી ચોકના ગણેશજી ગજરાજ પર નીકળેલી એ ઐતિહાસિક વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. ગજરાજ ઉપર બિરાજેલા ગણેશજીની આ અદભુત ઝાંખી જોવા માટે આખા ધરમપુર નગર, તાલુકામાંથી હજારો લોકો રસ્તાઓ પર ઉમટી પડ્યા હતા.તે સમયની આ અનોખી અને ભવ્ય વિસર્જન યાત્રા ૧૯૮૦ પછી જન્મેલા Millennials / Gen Y, Gen Z, Gen આલ્ફા યુવા યુવતીઓ, બાળકો, અજાણ છે.પણ વડીલોના મનમાં ધાર્મિક-સાંસ્કૃતિક સ્મૃતિમાં આજે પણ તાજી છે. વર્ષો થી આજે પણ ગણેશજી આગમન કે ગણેશ વિસર્જન યાત્રા માં સમડી ચોક ની ગણેશજીની પ્રતિમા જ આકર્ષણનું કેન્દ્ર બને છે. આજેપણ સમડી ચોકના ગણેશજીનું આગમન કે વિસર્જન યાત્રા આકર્ષણનું કેન્દ્ર બને છે.



૭૦ના દાયકાથી સમડીચોકમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. આ તસવીર ઈ.સ. ૧૯૮૪માં સચિન ફોટો સ્ટુડીઓવાળા બાબુભાઈએ કેમેરામાં કંડારી હતી.

## નાની વાહિયાળ-ફુલવાડી માર્ગ પર ખાડાઓથી વાહનચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ધરમપુર તાલુકાના નાનીવહિયાળ થી ફુલવાડી તરફ જતા માર્ગ પર મસમોટા ખાડા પડી જતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

નાની વહિયાળ થી ફુલવાડી તરફ રોજિંદા ધોરણે મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી આ માર્ગ સ્થાનિકો માટે મહત્વનો છે. પરંતુ માર્ગ પર પડેલા મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકોને વાહન હંકારવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, માર્ગ પર ઠેર-ઠેર ખાડા પડી જતાં વાહન લઈને પસાર થવું મુશ્કેલ બની ગયું છે. લાંબા સમયથી આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકો હવે તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે.

સ્થાનિકોની માંગ છે કે માર્ગની સ્થિતિને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા વહેલી તકે ખાડાઓનું સમારકામ કરી માર્ગને વાહનવ્યવહાર માટે યોગ્ય બનાવવામાં આવે, જેથી રોજિંદી અવરજવર કરતા લોકોને પડતી મુશ્કેલીમાંથી રાહત મળી શકે.

## વલસાડ બુધસભા પરિવાર દ્વારા સપ્તઋષિ પરિસંવાદ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** બુધસભા પરિવાર વલસાડ દ્વારા તાજેતરમાં સપ્તર્ષિ ઋષિનું જીવન, અનુબંધ, લાક્ષણિકતાઓ, યોગદાન, વિશિષ્ટતા, મર્યાદાઓ...તપસ્વી જીવન કથન ઉપર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં જુદા જુદા વક્તાઓ દ્વારા વ્યક્તવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં વરિષ્ઠ વક્તા મહેશભાઈએ સુવ્યવસ્થિત રીતે, ઊંડું અધ્યયન કરીને જે રીતે ભારતના ઋષિઓ અંગે પ્રકાશ પાથર્યો એ ખરેખર ગમ્યું. પ્રો મીનાબેન શાહ તરફથી જમદગ્નિ ઋષિની અજાણ ,રહસ્યમયી વાતો રજૂ થઈ. ભાવિનીએ પરિશ્રમ કરીને ઋષિ ભારદ્વાજ વિશે રસપ્રદ માહિતી પીરસી રમેશભાઈ ચાંપાનેરીએ ઋષિનું પ્રદાન, જીવન, મહતા અને અત્રિ ઋષિનું વિશેષ મહત્વ દર્શાવ્યું. પ્રકાશભાઈએ ઋષિ વશિષ્ઠ અને ઋષિ વિશ્વામિત્રના સંયોજનો, ઋષિ વિશ્વામિત્રની જન્મગત, ઈતિહાસ સુંદર રીતે રજૂ કરી. ભારતની વૈદિક સંસ્કૃતિમાં ઋષિ જીવનશૈલીનું ખૂબ ઊંડું પ્રદાન છે. કિરણભાઈએ ભામતીના ઉત્તમ પ્રદાનની રોચક, મહત્વની જાણકારી આપી હતી.

પ્રફુલાબેન જાડેજાએ સપ્તર્ષિની પધ્ય રચના રજૂ કરી. જે શિવ અને પાર્વતીના સંબંધિત રહી અને સહુને ગમી આજની બુધસભા ઋષિમય રહી હતી.



વાપી ટાંકી ફળિયા, ઝા નિવાસમાં સ્થાપિત શ્રીજી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે

## દમણમાં 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૭ : દમણાં મેરા યુવા ભારત (માય ભારત), દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે વિક્ષિત ભારત યુવા કનેક્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોની ભાગીદારી, રાષ્ટ્ર નિર્માણ અને નશા મુક્ત ભારતના વિઝન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી. આ પહેલના ભાગ રૂપે, વિદ્યાર્થીઓએ નશા મુક્ત ભારત પ્રતિજ્ઞા લીધી, જેમાં માદક દ્રવ્યોના દુરુપયોગથી દૂર રહેવા અને સ્વસ્થ, જવાબદાર અને ડ્રગ-મુક્ત સમાજના નિર્માણમાં યોગદાન આપવાની તેમની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિક્ષિત ભારત માટે નશા મુક્ત યુવાના નિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો અને વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સંસ્થાઓ, પરિવારો અને સમુદાયોમાં સકારાત્મક પરિવર્તનના રાજદૂત બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ યુવા નેતૃત્વ અને જન ભાગીદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જે વિદ્યાર્થીઓને સ્વસ્થ, સશક્ત અને વિકસિત ભારત બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવા માટે પ્રેરણા આપે છે.

## દમણની શ્રીનાથજી કોલેજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૭ :** આજરોજ ભારત દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ના જન્મદિવસ પર દમણ દિવ દાનહ ભાજપ પ્રદેશ પ્રમુખ મહેશભાઈ અગારીયા અને એમની ટીમ દ્વારા દમણની શ્રીનાથજી બીબીએ અને બીસીએ અને બીકોમ કોલેજમાં ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહેશભાઈ અગારીયા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને વડાપ્રધાનના જીવન વિશે અને તેમણે દેશના વિકાસ માટે કરેલ કાર્યોની માહિતી વિગતે આપવામાં આવી હતી, તયારબાદ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન ના જીવન વિશે અને એમની દેશના વિકાસમાં રહેલ ભૂમિકા વિશે પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં મહેશભાઈ અગારીયા અને એમની ટીમ દ્વારા કેક કાપીને વિદ્યાર્થીઓ સાથે વડાપ્રધાનના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## દમણની જિનેસિસ સોસાયટીમાં ગણેશ સ્થાપના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૭ : જિનેસિસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી ખાતે, આ વર્ષે ગણેશ ચતુર્થી ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. સોસાયટીએ બાપ્પાનું સ્વાગત કર્યું અને તેમને પંડાલમાં સ્થાપિત કર્યા. ઉત્સવ દરમિયાન દરરોજ સવારે અને સાંજે ખાસ આરતીઓ યોજાઈ રહી છે. જિનેસિસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં અવરોધો દૂર કરનાર દેવતા બિરાજમાન છે, જેનાથી ભક્તિમય વાતાવરણ સર્જાય છે. રહેવાસીઓ ખૂબ જ ભક્તિભાવથી તેમના દર્શન કરવા આવી રહ્યા છે.



## વાપીમાં દૈવજ્ઞ સમાજનો શ્રાવણી પૂજાનો કાર્યક્રમ યોજાશે

**વાપી, તા. ૧૭ :** વાપી પરગણાંના સમસ્ત દૈવજ્ઞ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વાનુમતે શ્રાવણી પૂજાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ તા. ૨૦/૦૯/૨૦૨૬, રવિવાર, ભાદરવા સુદ ૮ ના રોજ સવારે શ્રી રંગ દૈવજ્ઞ ભવન ખાતે સવારે ૭.૩૦ કલાકે દેહશુદ્ધિની વિધિ કરવામાં આવશે. દેહશુદ્ધિમાં બેસનાર તમામ બાંધવોએ ટૂંકા બરમુડામાં બેસવું નહીં અને તેમના માટે ફરાળની વ્યવસ્થા કરાઈ છે. સવારે ૧૦ વાગ્યાથી વામન દ્વાદશી (શ્રાવણી) ની મુખ્ય પૂજા શરૂ થશે, જેમાં બેસનારાએ પિતાંબર પહેરવાનું રહેશે. બપોરે ૧ વાગ્યે બ્રહ્મભોજનનું આયોજન છે.

સમાજના વડીલોને અપીલ કરાઈ છે કે નવી પેઢીના જનોઈધારી બાળકોને આગ્રહપૂર્વક સાથે બેસાડે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.agt@gmail.com




# વાંસ 'લીલું સોનું' - ધરતીનું ભવિષ્ય

**વિશ્વમાં વાંસની આશરે ૧,૪૦૦ પ્રજાતિઓ અને ૧૧૫થી વધુ જાતિઓ જોવા મળે છે : વાંસ પર્યાવરણ માટે ઉપયોગી છે કારણ કે તે ઝડપથી વધે છે, વાતાવરણમાંથી કાર્બન શોષે છે, માટીનું ધોવાણ અટકાવે છે**







૧૮ સપ્ટેમ્બર, વિશ્વ વાંસ દિવસ તરીકે ઉજવાય છે.વાંસના ઉપયોગ અને તેનાથી પર્યાવરણને થતા ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવાય છે. વર્લ્ડ બામ્બુ ઓર્ગેનાઇઝેશન દ્વારા આ દિવસની ઉજવણી થાય છે વર્ષ ૨૦૦૯માં બેંગકોક ખાતે યોજાયેલી આઠમી વિશ્વ વાંસ કોંગ્રેસ દરમિયાન વર્લ્ડ બામ્બૂ ઓર્ગેનાઇઝેશન દ્વારા ૧૮ સપ્ટેમ્બરને વિશ્વ વાંસ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

**વાંસ વૃક્ષ નહીં, ઘાસ છે**

વાંસને સામાન્ય રીતે વૃક્ષ માનવામાં આવે છે, પરંતુ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ તે ઘાસકુળ પોએસીનો સભ્ય છે. ઘઉં, ચોખા અને શેરડી જેવાં પાકો પણ આ જ કુળમાં આવે છે. વાંસની કેટલીક જાતો થોડા વર્ષોમાં ખૂબ ઊંચી થઈ શકે છે અને અનુકૂળ પરિસ્થિતિમાં તેની દૈનિક વૃદ્ધિ નોંધપાત્ર હોઈ શકે છે. વાંસની વિશેષતા એ છે કે તેના જમીન નીચેના મૂળ-થડ જેવા ભાગને રાઇઝોમ કહેવામાં આવે છે. તેમાંથી નવા અંકુર નીકળે છે. વાંસ કાપ્યા પછી પણ જો રાઇઝોમ જીવંત રહે, તો છોડ ફરીથી ઊગી શકે છે. આ ગુણધર્મને કારણે વાંસના વાવેતરમાં વારંવાર નવેસરથી રોપણી કરવાની જરૂર પડતી નથી. વિશ્વમાં વાંસની આશરે ૧,૪૦૦ પ્રજાતિઓ અને ૧૧૫થી વધુ જાતિઓ જોવા મળે છે. તેની કેટલીક જાતો ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં તો કેટલીક સમશીતોષ્ણ વિસ્તારોમાં સારી રીતે ઉગે છે.

**પર્યાવરણ માટે વાંસનું મહત્વ**

વાંસ પર્યાવરણ માટે ઉપયોગી છે કારણ કે તે ઝડપથી વધે છે, વાતાવરણમાંથી કાર્બન શોષે છે, માટીનું ધોવાણ અટકાવે છે અને ખરાબ થયેલી જમીનના પુનઃસ્થાપનમાં મદદ કરે છે. તેના મૂળ અને રાઇઝોમનું જાળું ઢોળાવ તથા નદીકાંઠાની માટીને મજબૂત રાખે છે.

**૧. ઝડપથી પુનઃઉત્પાદિત થતો સંસાધન**

લાકડું મેળવવા માટે ઘણા વૃક્ષોને ઉગાડવામાં દાયકાઓ લાગી શકે છે. તેની તુલનામાં વાંસ ઝડપથી વૃદ્ધિ પામે છે અને યોગ્ય વ્યવસ્થાપન હેઠળ વારંવાર કાપણી કરી શકાય છે. તેથી તે લાકડાનો એક ટકાઉ વિકલ્પ બની શકે છે.પરંતુ વાંસને 'વૃક્ષ કરતાં હંમેશાં વધુ સારો' માનવું યોગ્ય નથી. તેની પર્યાવરણીય અસર જાતિ, માટી, પાણી, ખેતીની પદ્ધતિ અને કાપણી પછીની પ્રક્રિયા પર આધારિત રહે છે. સ્થાનિક જાતો અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન અપનાવવામાં આવે તો તેના લાભો વધુ સારી રીતે પ્રાપ્ત થઈ શકે છે.

**૨. કાર્બન શોષણ અને આબોહવા પરિવર્તન**

વાંસ અન્ય હરિત છોડની જેમ પ્રકાશસંશ્લેષણ દ્વારા વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષે છે. તેની ઝડપી વૃદ્ધિને કારણે તેમાં નોંધપાત્ર જૈવભાર સંગ્રહિત થાય છે. જમીન નીચેના રાઇઝોમ અને મૂળો પણ કાર્બનને જમીનમાં જાળવી રાખવામાં મદદ કરે છે.

વાંસ પ્રકાશસંશ્લેષણ દરમિયાન વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને તેને પોતાના થડ, પાંદડાં, મૂળ અને જમીનમાં સંગ્રહિત કરે છે. વાંસની ઝડપી વૃદ્ધિને કારણે તે ટૂંકા સમયમાં નોંધપાત્ર જૈવભાર ઊભો કરી શકે છે. તેથી યોગ્ય રીતે સંચાલિત વાંસવન આબોહવા પરિવર્તન ઘટાડવામાં મદદરૂપ કાર્બન સંગ્રહસ્થાન બની શકે છે.

વાંસ આધારિત ઉત્પાદનો– જેમ કે ફર્નિચર, બાંધકામ સામગ્રી અથવા પટ્ટીઓ–જો લાંબા સમય સુધી ઉપયોગમાં રહે, તો તેમાં સંગ્રહાયેલ કાર્બન પણ લાંબા સમય સુધી બંધાયેલું રહે છે. જોકે વાંસને કાપવા, પરિવહન કરવા અને પ્રક્રિયા કરવા દરમિયાન થતો



**વિજ્ઞાનજગત**

**લેખક :દીપક જગતાપ**

ઊર્જાવપરાશ પણ ગણતરીમાં લેવો જરૂરી છે.

**૩. જમીન ધોવાણ અટકાવવું**

વાંસના રેશાદાર મૂળ અને જમીન નીચે ફેલાયેલા રાઇઝોમ માટીના કણોને એકસાથે બાંધી રાખે છે. તેથી વરસાદી પાણી સાથે માટી વહી જતી અટકે છે. ખાસ કરીને ઢોળાવ, નદીકાંઠા અને ધોવાણગ્રસ્ત વિસ્તારોમાં વાંસનું વાવેતર માટી સંરક્ષણ માટે ઉપયોગી થઈ શકે છે.

વરસાદી પાણીના પ્રવાહને ધીમો કરીને વાંસ માટીમાં ભેજ જાળવવામાં પણ સહાય કરી શકે છે. જોકે અત્યંત પાણીકમીવાળા વિસ્તારોમાં મોટા પાયે વાંસ વાવતાં પહેલાં સ્થાનિક જળસંતુલનનો અભ્યાસ કરવો જરૂરી છે.

**૪. જૈવવૈવિધ્ય માટે આશ્રય**

વાંસના ઝુંડ પક્ષીઓ, કીટકો, નાના સસ્તન પ્રાણીઓ અને અનેક સૂક્ષ્મજીવોને આશ્રય આપે છે. કેટલાક પ્રાણીઓ માટે વાંસ ખોરાકનો સ્રોત પણ છે. વાંસવન કુદરતી વિસ્તારો વચ્ચે જોડાણરૂપ 'જૈવિક માર્ગ' તરીકે કામ કરી શકે છે અને વિખરાયેલા પર્યાવરણતંત્રોને જોડવામાં મદદ કરે છે.

જોકે માત્ર એક જ જાતના વાંસનું વિશાળ વાવેતર કુદરતી જંગલનું સંપૂર્ણ સ્થાન લઈ શકતું નથી. જૈવવૈવિધ્ય જાળવવા વાંસ સાથે સ્થાનિક વૃક્ષો, ઝાડીઓ અને ઘાસની વિવિધ જાતોનું સંરક્ષણ પણ જરૂરી છે.

**૫. પાણીનું સંરક્ષણ**

વાંસનું મૂળતંત્ર વરસાદી પાણીના વહેણને ધીમું કરે છે અને પાણી જમીનમાં ઉતરવામાં મદદ કરે છે. તે નદીકાંઠા તથા જળસંગ્રહ વિસ્તારોને સ્થિર રાખવામાં સહાય કરે છે. પાંદડાં જમીન પર પડ્યા પછી સડીને સજીવ પદાર્થ બનાવે છે, જે માટીની પાણી ધારણ કરવાની ક્ષમતા સુધારી શકે છે.

**૬. ખરાબ થયેલી જમીનનું પુનઃસ્થાપન**

ખાણકામ, અતિચરાઈ અથવા ધોવાણને કારણે બિનઉપજાઉ બનેલી જમીનમાં યોગ્ય જાતના વાંસનું વાવેતર જમીન પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. વાંસની પાંદડીઓ અને મૂળો જમીનમાં સજીવ પદાર્થ વધારવામાં તથા માટીની રચના સુધારવામાં ફાળો આપે છે.

**વાંસના બહુમુખી ઉપયોગો**

વાંસની અંદરનું ખોખલું બંધારણ તેને હળવું બનાવે છે, જ્યારે તેની રેશાયુક્ત રચના તેને મજબૂત અને લવચીક બનાવે છે. આ ગુણધર્મોને કારણે તેનો ઉપયોગ અનેક ક્ષેત્રોમાં થાય છે. બાંધકામ, થાંભલા, છત, પુલ, મંડપ, દિવાલ અને માળખાકીય ભાગો માં વપરાય છે. ઘરગથ્થુ વસ્તુઓ જેવીકે ટોપલાં, ચટાઈ, ખુરશી, ટેબલ, પડદા અને રસોડાનાં સાધનો માં વપરાશ છે. એ ઉપરાંત હસ્તકલા ઉદ્યોગમાં રમકડાં, શોભાની વસ્તુઓ, વાદ્યો અને પરંપરાગત કારીગરીમાં ખાસ વપરાય છે. એ ઉપરાંત સૌથી વધારે વાંસનો ઉપયોગ કાગળ ઉદ્યોગ, કાગળ અને પેકેજિંગ સામગ્રીમાં વપરાય છે વાંસના રેસામાંથી તૈયાર થતું કાપડની આજે બોલબાલા છે. ખાદ્ય ઉપયોગ તરીકે કેટલીક જાતોના નરમ અંકુર શાકભાજી તરીકે વપરાય છે. કૃષિ ક્ષેત્રમાં વાડ, આધારદંડ, છોડને ટેકો અને સિંચાઈની કેટલીક રચનાઓ માં ઉપયોગી બને છે. વાંસની પટ્ટીઓ, સંયુક્ત બોર્ડ, સાયકલ ફ્રેમ અને બાયો-આધારિત ઉત્પાદનો માં પણ વપરાય છે.ઊર્જા તરીકે બાયોમાસ અને ચારકોલ, યોગ્ય નિયંત્રણ સાથે પણ વપરાય છે.વાંસમાંથી બનાવેલી ચીજવસ્તુઓ પ્લાસ્ટિક અથવા ધાતુના ઉત્પાદનોનો પર્યાવરણમૈત્રી વિકલ્પ બની શકે છે. પરંતુ કોઈપણ વાંસનું ઉત્પાદન આપમેળે પર્યાવરણમૈત્રી નથી. તેમાં રાસાયણિક પ્રક્રિયા, રંગ, ગુંદર અને લાંબા અંતરના પરિવહનનો સમાવેશ થાય તો તેની કુલ પર્યાવરણીય અસર વધી શકે છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા

# ગાંધીનગરમાં વિશ્વ ઓઝન દિવસે જાગૃતિ કાર્યક્રમ યોજાયો






**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી દર વર્ષે પર્યાવરણ જાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ઓઝોન સ્તરના સંરક્ષણ અને પર્યાવરણ પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુથી ૧૬ મી સપ્ટેમ્બર ના રોજ વિશ્વ ઓઝોન દિવસ અંતર્ગત સરકારી પોલીટેકનિક, ગાંધીનગર ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું..

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) પ્રાદેશિક કચેરી, ગાંધીનગરમાંથી પુનમબેન પંચાલ (નાયબ પર્યાવરણ ઈજનેર) ઉપસ્થિત રહ્યા હતા તેમણે વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ કે. પટેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓઝોન અને પર્યાવરણ સંરક્ષણ વિષય પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પોપ્યુલર લેક્ચર આપવામાં આવ્યું હતું. તેમણે ઓઝોન સ્તર પૃથ્વી માટે કુદરતી રક્ષણાત્મક કવચ તરીકે કેવી રીતે કાર્ય કરે છે, સૂર્યમાંથી આવતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી જીવસૃષ્ટિને કેવી રીતે રક્ષણ મળે છે તેમજ ઓઝોન સંરક્ષણ માટે વૈશ્વિક સ્તરે કરવામાં આવેલા પ્રયાસો અંગે રસપ્રદ માહિતી આપી હતી.

ડૉ. અનિલ કે. પટેલે પોતાના વ્યાખ્યાન દરમિયાન વિદ્યાર્થીઓને માત્ર ઓઝોન સ્તર અંગે માહિતી મેળવવા પૂરતું જ નહીં પરંતુ દૈનિક જીવનમાં પર્યાવરણ મૈત્રી વર્તન અપનાવવા અને વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા પણ પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણનું સંરક્ષણ માત્ર સરકાર કે કોઈ એક સંસ્થાની જવાબદારી નથી, પરંતુ સમાજના દરેક વ્યક્તિની સહભાગિતા જરૂરી છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં વિષય અંગેની સમજ અને જ્ઞાન ચકાસવા માટે ઓઝોન દિવસ આધારિત રસપ્રદ પાવરપોઈન્ટ ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓને ઓઝોન સ્તર, પર્યાવરણ, વાયુ પ્રદૂષણ, UV કિરણો અને પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો અંગે વધુ જાણકારી મેળવવાની તક મળી હતી. ક્વિઝમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવીર ડી. પરમાર તથા ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ વિભાગના સમગ્ર સ્ટાફ દ્વારા આપવામાં આવેલા સહકાર બદલ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભારતના ખગોળશાસ્ત્રના રસિકોએ ચોથી HDSR સ્ટાર પાર્ટીમાં ભાગ લીધો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




દેશભરના નિષ્ણાત ખગોળશાસ્ત્રીય ફોટોગ્રાફરો અને કલાપ્રેમી ખગોળશાસ્ત્રીઓએ ૭ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન લદ્દાખના હાનલે સ્થિત ભારતીય ખગોળશાસ્ત્રીય વેધશાળા ખાતે આયોજિત હેનલે ડાર્ક સ્કાય રિઝર્વ સ્ટાર પાર્ટીના ચોથા સંસ્કરણમાં ભાગ લીધો હતો. IIA ના ડિરેક્ટર પ્રોફેસર અન્નપૂર્ણી સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, દેશભરના કલાપ્રેમી ખગોળશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીય ફોટોગ્રાફરોએ જે ઉત્સાહ સાથે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો તે વૈજ્ઞાનિક સંશોધન અને સામાન્ય લોકો બંને માટે અહીંના શુદ્ધ કાળા આકાશને સાચવવાનું મહત્વ દર્શાવે છે.

પ્રદેશના લગભગ ૪૦ કલાપ્રેમી ખગોળશાસ્ત્રીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભારતીય ખગોળ ભૌતિકશાસ્ત્ર સંસ્થા (IIA), કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના વન્યજીવન સંરક્ષણ વિભાગ, ભાભા અણુ સંશોધન કેન્દ્ર (BARC) અને ટાટા મૂળભૂત સંશોધન સંસ્થા (TIFR) દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમમાં હાનલેના ઘેરા આકાશ હેઠળ ચાર રાતનો સંપૂર્ણ લાભ લેવા માટે તેઓ તેમના અદ્યતન સાધનો સાથે લેહ પહોંચ્યા. ૧૦ સપ્ટેમ્બરના રોજ, સ્થાનિક સમુદાયો અને નજીકના પ્રવાસીઓ માટે એક ખુલ્લી રાત્રિમાં ૧,૨૦૦ થી વધુ લોકોએ હાજરી આપી હતી. HDSR ના ખગોળશાસ્ત્ર રાજદૂતો અને વેધશાળા સ્ટાફ સાથે સ્ટાર પાર્ટીના સહભાગીઓએ ખાસ નિયુક્ત કલાપ્રેમી ટેલિસ્કોપ દ્વારા મુલાકાતીઓને માર્ગદર્શન આપ્યું અને સમગ્ર સાંજ દરમિયાન તેમના અસંખ્ય પ્રશ્નોના જવાબ આપ્યા. પ્રદેશની વિવિધ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓને ટેલિસ્કોપ દ્વારા અવકાશી પદાર્થોનું અવલોકન કરવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું અને પ્રદેશમાં પ્રકાશ પ્રદૂષણ ઘટાડવાના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. HDSR ના ખગોળશાસ્ત્ર રાજદૂતો માટે દરરોજ સાંજે ખાસ તાલીમ સત્રો યોજવામાં આવ્યા હતા. આ ૨૫ સ્થાનિક ગ્રામજનોને છેલ્લા ત્રણ વર્ષથી પ્રવાસીઓ માટે ખગોળશાસ્ત્ર પ્રવાસનું આયોજન કરવા માટે તાલીમ આપવામાં આવી છે અને લદ્દાખ સરકાર દ્વારા તેમને ટેલિસ્કોપ પૂરા પાડવામાં આવ્યા છે. નિષ્ણાત સહભાગીઓએ માર્ગદર્શક તરીકે પણ સેવા આપી હતી અને આ રાજદૂતોને રાત્રિના આકાશ નિરીક્ષણ અને ખગોળ ફોટોગ્રાફીના ઘણા વ્યવહારુ પાસાઓ શીખવવામાં મદદ કરી હતી.

લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટ સહિત વિવિધ હિસ્સેદારોની મજબૂત પ્રતિબદ્ધતાને કારણે HDSR ની સફળતા શક્ય બની છે. HDSR હેનલે ખાતે ભારતીય ખગોળશાસ્ત્રીય વેધશાળા દ્વારા લંગરવામાં આવે છે. આ વેધશાળા ભારતીય અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી સંસ્થા (IIA) દ્વારા સંચાલિત છે, જે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. વાર્ષિક HDSR સ્ટાર પાર્ટી ભવિષ્ય માટે હેનલેના કાળા આકાશને સાચવવાના મહત્વ પર ભાર મૂકે છે

અને વિવિધ હિસ્સેદારો માટે મૂલ્યવાન અને દુર્લભ સંસાધન તરીકે હેનલેના આકાશનું મહત્વ દર્શાવે છે. હેનલે ખાતે પ્રસ્તાવિત ૩.૭-મીટર એડવાન્સ્ડ હિમાલયન ચંદ્ર ટેલિસ્કોપ અને ૧૩.૭-મીટર નેશનલ લાર્જ ઓપ્ટિકલ-ઈન્ફ્રારેડ ટેલિસ્કોપ સાથે, તેના કાળા આકાશને સુરક્ષિત રાખવા માટે એક થવું આપણા માટે અનિવાર્ય છે, વેધશાળાના પ્રભારી વૈજ્ઞાનિક અને IIA ખાતે પ્રોફેસર ડી.કે. સાહુએ જણાવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સના ભાગરૂપે

# અમદાવાદમાં 'વિજ્ઞાન સાંકળ' યોજાઈ




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિજ્ઞાન આપણા રોજિંદા જીવનની સુખ-સગવડો અને માનવ સમાજની પ્રગતિનું મહત્ત્વનું આધારસ્તંભ છે. વિજ્ઞાનની સમજ સામાન્ય લોકો સુધી પહોંચે, લોકોમાં વૈજ્ઞાનિક જાગૃતિ વધે અને વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુથી આજે અમદાવાદમાં 'વિજ્ઞાન સાંકળ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વભરના વિજ્ઞાનીઓ અને વિજ્ઞાન સમુદાય દ્વારા ૨૦૧૭થી દર વર્ષે 'ઈન્ટરનેશનલ માર્ચ ફોર સાયન્સ' (International March for Science)નું આયોજન કરવામાં આવે છે. અંધશ્રદ્ધાથી મુક્તિ, લોકોમાં વૈજ્ઞાનિક અભિગમની કેળવણી તથા પર્યાવરણના રક્ષણ જેવા મુદ્દાઓ અંગે જનજાગૃતિ ઊભી કરવાના ઉદ્દેશ સાથે યોજાતા આ વૈશ્વિક અભિયાનના ભાગરૂપે અમદાવાદમાં પણ 'વિજ્ઞાન સાંકળ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે સવારે ૧૧ વાગ્યે લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમને લગતાં વિવિધ સૂત્રો અને માંગણીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. સાથે જ મહાન વિજ્ઞાનીઓના ફોટોગ્રાફસ તથા તેમનાં પ્રેરણાદાયી અવતરણો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમમાં ગણિતના જાણીતા અધ્યાપક પ્રો. એન. એન. રોઘેલિયા, રિપબ્લિક હાઈસ્કૂલના આચાર્ય રફિકભાઈ કોઠારિયા, ઈસરોના નિવૃત્ત વિજ્ઞાની ડૉ. મનીષભાઈ સોનારા, રાષ્ટ્રભાષા હિન્દી કોલેજના નિવૃત્ત આચાર્ય ડૉ. કનુભાઈ ખડદિયા, ભવન્સ સાયન્સ કોલેજના ડૉ. બી. એ. મકવાણા, મોડાસા એન્જિનિયરિંગ કોલેજના પ્રો. મિતુલ મકવાણા, તબીબી સંશોધક ડૉ. સવ્યસાચી શાહ, નિવૃત્ત આરોગ્ય અધિકારી ઊર્મિબહેન પંડિત, નિવૃત્ત બેંક ઓફિસર ગૌતમભાઈ વાઘેલા, યુનિવર્સ સાયન્સ ફોરમના પ્રશાંતભાઈ જોષી, પ્રિત સોલંકી, સંદીપ રાઠોડ સહિત શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમમાં ભાગ લેનારાઓએ વિજ્ઞાનને માત્ર પ્રયોગશાળા કે સંશોધન સંસ્થાઓ પૂરતું મર્યાદિત ન રાખીને સામાન્ય લોકોના જીવન સાથે જોડવાની અને સમાજમાં વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# ગાંધીનગરમાં ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ' એનાયત કરાયા



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના હસ્તે તેમજ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ્સ ૨૦૨૬-૨૭' એનાયત કરાયા હતાં.

રાજ્યભરના કુલ ૧૪ પર્યાવરણપ્રેમી વિજેતાઓને વિવિધ ૫ શ્રેણીમાં 'ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ્સ ૨૦૨૬-૨૭' એનાયત કરાયા; પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને અનુક્રમે ૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જ એક્શનને આપણી 'જીવનશૈલી'માં લાવીને તેને એક જન આંદોલન સ્વરૂપે સ્વીકારવું પડશે મંત્રી પ્રવીણભાઈ માળી જણાવ્યું હતું કે બાળકો-સામાન્ય લોકો સુધી ક્લાઈમેટ ચેન્જનો સંદેશ પહોંચાડવા સરળ ભાષા, માઈક્રો મોડેલ અને પ્રાયોગિક પ્રદર્શન અપનાવવાની જરૂર રહેશે.

કાર્યક્રમ દરમિયાન જેડા અને IIM-અમદાવાદ વચ્ચે ક્લાઈમેટ ક્ષેત્રે પરસ્પર સહકાર તેમજ મળીને કામ કરવા અંગેના MoU થયા; સાથે જ મંત્રીઓના હસ્તે ગુજરાત ક્લાઈમેટ એક્શન ટ્રેકર, ક્લાઈમેટ ચેન્જ મોડ્યુલ તથા ડિસ્ટ્રિક્ટ લેવલ ક્લાઈમેટ સ્માર્ટ એક્શન પ્લાન વિથ ડીકાર્બનાઈઝેશન પાથવે ફોર ૨૦ ડિસ્ટ્રિક્ટનું લૉન્ચિંગ કરાયું હતું.

# રાજપીપલામાં વિજ્ઞાન લેખક દીપક જગતાપના બે પુસ્તકોનું વિમોચન કરાયું

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને જન કલ્યાણ સેવા ટ્રસ્ટ રાજપીપળા,અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન બી.એડ કોલેજ રાજપીપલાના સંયુક્ત ઉપક્રમે આયોજિત જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપ ના બે વિજ્ઞાન પુસ્તકનું વિમોચન જિલ્લા શિક્ષણ તાલીમ ભવન બી.એડ કોલેજ, હરસિધ્ધિ માતા મંદિર સામે,રાજપીપલા ખાતે યોજાયું હતું.

આ પ્રસંગે દીપક જગતાપના બે વિજ્ઞાન પુસ્તકો (૧)-સંપૂર્ણ આરોગ્ય વિષયક વિજ્ઞાન પુસ્તક (આરોગ્યમ ધન સંપદા )અને (૨) સંપૂર્ણ બ્રહ્માંડ વિષયક વિજ્ઞાન પુસ્તક (બ્રહ્માંડના અનંત દ્વારેથી ) આ બે પુસ્તકોનું વિમોચન મહાનુભાવો ના હસ્તે કરાયું હતું. આ કાર્યક્રમમાં ઉદઘાટક તરીકે અંજનાબેન વસાવા, પ્રમુખ જિલ્લા પંચાયત નર્મદા તથા મુખ્યમહેમાન તરીકે, મંજુલાબેન ચૌધરી, પ્રચાર્યા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, બી.એડ કોલેજ રાજપીપળા તથા આયોજક શ્રીમતી જ્યોતિ જગતાપ, પ્રમુખ જન કલ્યાણ સેવા ટ્રસ્ટ રાજપીપળા, તથા દીપક જગતાપ,મંત્રી અને ટ્રસ્ટી જન કલ્યાણ સેવા ટ્રસ્ટ રાજપીપળા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સાહિત્યકાર કવિ ખોડાભાઈ પટેલ અને જાણીતાસાહિત્યકાર અને કવિ મંગલ રાવળે ઉપસ્થિત રહી પુસ્તક વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે પુસ્તક વિમોચન કાર્યક્રમમાં જાણીતા વિજ્ઞાન લેખક શ્રી દીપક જગતાપ લિખિત બે વિજ્ઞાન પુસ્તકો (૧)-સંપૂર્ણ આરોગ્ય વિષયક વિજ્ઞાન પુસ્તક (આરોગ્યમ ધન સંપદા )અને (૨) સંપૂર્ણ બ્રહ્માંડ વિષયક વિજ્ઞાન પુસ્તક (બ્રહ્માંડના અનંત દ્વારેથી ) તથા જાણીતા સાહિત્યકાર કવિ લેખક મંગલ રાવળ ના બે પુસ્તકો(૧) (નામ વગરનું ગામ) અને (૨) (સર્જકો ની ઓળખ નો એક આછેરો અધ્યાય )આ બે પુસ્તકનું પણ વિમોચન કરાયુ હતું. આ પ્રસંગે વિજ્ઞાન લેખક દિપકમાં આરોગ્ય વિષયક અને બ્રહ્માંડ વિશે પુસ્તક વિશે સાહિત્યકાર મંગળ રાવળ પરિચય કરાવ્યો હતો.

# સોલધરાનો વિદ્યાર્થી મેન્ટલ મેથ વર્લ્ડ કપમાં ઝળકયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૭ :** આંતરરાષ્ટ્રીય કક્ષાની મેન્ટલ મેથ વર્લ્ડ કપ-૨૦૨૬માં ચીખલી તા.ના સોલધરા ગામના દિવમ કૃણાલભાઈ પટેલે શાનદાર પ્રદર્શન કરી બે કેટેગરીમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવી ૫૬ દેશોના ૮,૧૦૦ થી વધુ સ્પર્ધકોવાળી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં દિવમે પહેલી ઝેન માસ્ટર (ZEN MASTER)-કેટેગરીમાં વિશ્વમાં ૨૬મો ક્રમ પ્રાપ્ત કર્યો છે.



GRAND MASTER કેટેગરીમાં ભારતમાં ૮મો ક્રમ મેળવી પોતાની પ્રતિભાનો પરચો આપ્યો છે. વિશ્વભરના હજારો




સ્પર્ધકો વચ્ચે બે અલગ-અલગ કેટેગરીમાં આ સિદ્ધિ મેળવવી દિવમની ગણિતીય કુશળતા, ઝડપી ગણતરી, એકાગ્રતા અને અથાગ મહેનતનું પરિણામ છે.

દિવમની આ સિદ્ધિથી તેમના પિતા કૃણાલ શિક્ષક- વાંદરવેલા, માતા દિવ્યા શિક્ષિકા- ધવલીદોડ ડાંગ, જોડીયા બંધુ દીવ, પરતાપોર ની એબી સ્કૂલ, શિક્ષકો તથા સમગ્ર સોલધરા ગામમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે. દિવમને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સૌ તરફથી હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.




રાજકોટની બીગબેંગ એસ્ટ્રોનોમી કલબના એક સભ્યએ ૧૪મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ .૪૭ કલાકે કર્ણાણકના ઉડીપીથી ચંદ્ર અને શુક્રની પિધાન યુતિની આ રમણીય તસવીર લીધી હતી. સાંજે ચંદ્રની પાતળી કળા પાછળથી શુક્રનો તેજસ્વી ગ્રહ પસાર થયો ત્યારે એ થોડીવાર માટે નજરથી ગાયબ થયો હતો.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 18, September 2026

● ઉમરગામ
● સંજાણ
● ભીલાડ
● સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૮૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## સંજાણમાં રૂા.૨.૮૦ કરોડના ખર્ચે માર્ગનું નવીનીકરણ થશે



### મુખ્ય બજાર વિસ્તારમાં પહોળો સીસી રોડ બનશે : ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે શ્રીફળ વધેરી વિકાસ કામનો પ્રારંભ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** ઉમરગામ તાલુકામાં વિકાસ કામોને વેગ મળી રહ્યો છે. ત્યારે ઐતિહાસિક નગરી સંજાણમાં પણ માર્ગ સુવિધામાં વધારો થવા જઈ રહ્યો છે. સંજાણના મુખ્ય બજાર વિસ્તારમાં વાહનોની અવરજવર વધતા હાલનો માર્ગ સાંકડો પુરવાર થઈ રહ્યો હતો. સ્થાનિકોની રજૂઆતને પગલે અહીં રૂા.૨.૮૦ કરોડના ખર્ચે પહોળા સીસી રોડનું નિર્માણ મંજૂર કરવામાં આવ્યું છે. આ વિકાસ કામનો ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે શ્રીફળ વધેરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્ય બજાર વિસ્તારમાં માર્ગનું નવીનીકરણ અને પહોળીકરણ થતાં સ્થાનિક વેપારીઓ તેમજ વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં સુવિધા મળશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્યો નરેશભાઈ અને રામદાસભાઈ વરાઠા, સરપંચ ગુલાબભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય વિનયભાઈ, તાલુકા તથા જિલ્લા સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે સંજાણ સહિત સમગ્ર ઉમરગામ તાલુકામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કામોની માહિતી આપી હતી. સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે કાર્યકર્તાઓને જનસંપર્ક વધારવા અપીલ કરી હતી. રૂા.૨.૮૦ કરોડના આ માર્ગ વિકાસ કામથી સંજાણના મુખ્ય બજાર વિસ્તારમાં માર્ગ વ્યવસ્થા વધુ સુગમ બનવાની સાથે સ્થાનિકોને લાંબા ગાળે રાહત મળવાની અપેક્ષા છે.

## સરીગામ લક્ષ્મી ઇન્સ્ટિટ્યૂટમાં સીપીઆર વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** 'વિશ્વ ફર્સ્ટ એઈડ ડે ૨૦૨૬'ના અવસરે, લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (LIT), સરીગામના એન.એસ.એસ. (NSS) યુનિટ દ્વારા વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી સંસ્થાના ધ્વનિ ઓડિટોરિયમ ખાતે એક દિવસીય સીપીઆર (Cardiopulmonary Resuscitation - CPR) વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ઉપસ્થિત રહી સીપીઆર અને ઈમરજન્સી રિસ્પોન્સ ટેકનિક્સનું મૂલ્યવાન પ્રશિક્ષણ મેળવ્યું હતું. મેડિકલ ઈમરજન્સી દરમિયાન ત્વરિત પ્રાથમિક સારવાર આપવાનું મહત્વ અને સમયસર આપવામાં આવેલ સીપીઆર કઈ રીતે દર્દીનો જીવ બચાવી શકે છે તે અંગે જાગૃતિ ફેલાવવાનો આ સેશનનો મુખ્ય હેતુ હતો. આ કાર્યક્રમ LIT ના ડાયરેક્ટર ડૉ. બસવરાજ પાટીલ, ડિપ્લોમા પ્રિન્સિપાલ પ્રો. અમરત પટેલ તેમજ NSS કોઓર્ડિનેટર પ્રો. કૌશિક પનારાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. વર્કશોપમાં ડિપ્લોમા અને ડિગ્રી શાખાઓ જેવી કે મિકેનિકલ, સિવિલ, ઓટોમોબાઈલ, કમ્પ્યુટર સાયન્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને સોફ્ટવેર ડેવલપમેન્ટના વિભાગીય વડાઓ (HoDs) એ સક્રિય સહયોગ આપ્યો હતો. આ પ્રાયોગિક તાલીમ સત્ર વલસાડ રક્તદાન કેન્દ્રના ફર્સ્ટ એઈડ ટ્રેનર ડૉ. અભિષેક મિસ્ત્રી દ્વારા લેવામાં આવ્યું હતું, જેમણે ઉપસ્થિત સૌને સીપીઆર પ્રક્રિયાઓની વ્યવહારુ અને પ્રાયોગિક (Hands-on) તાલીમ આપી હતી. યુવાનોને સીપીઆર તાલીમના મહત્વ વિશે ખાસ સંદેશ આપતા ટ્રેનર ડૉ. અભિષેક મિસ્ત્રીએ જણાવ્યું હતું કેં હૃદયરોગનો હુમલો અથવા કાર્ડિયાક ઈમરજન્સી કોઈપણ ચેતવણી વગર ગમે ત્યારે આવી શકે છે. સીપીઆર શીખવું એ હવે માત્ર વધારાની કુશળતા નથી, પરંતુ આજના યુવાનો માટે એક નૈતિક જવાબદારી છે. સીપીઆર શીખવા માટે આપેલો એક કલાક તમને કટોકટીના સમયે સામાન્ય નાગરિકમાંથી કોઈનો કિંમતી જીવ બચાવનાર જીવનદાતા બનાવવાની શક્તિ આપે છે.

જનસ્વાસ્થ્યના બીજા મહત્વના પાસા પર પ્રકાશ પાડતા, વલસાડ રક્તદાન કેન્દ્રના ડાયરેક્ટર ભાવેશ રાઈચાએ સામાજિક જવાબદારી તરીકે રક્તદાનના મહત્વ અને તેની આવશ્યકતાઓ વિશે સભાને સંબોધિત કરી હતી. તેમણે રક્તદાતાઓ માટેની પાત્રતાના માપદંડો અને તબીબી જરૂરિયાતોની વિગતવાર માહિતી આપી હતી તેમજ નિયમિત રક્તદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ સાથે ભાવેશ રાઈચાએ પ્રતિવર્ષ કેમ્પસ પર રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવા બદલ LIT સરીગામ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કેમ્પસમાં સુરક્ષા, સંભાળ અને સામાજિક જવાબદારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તેમજ કટોકટીની પરિસ્થિતિઓમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓ આત્મવિશ્વાસપૂર્વક કાર્ય કરી શકે તે માટે આ વર્કશોપનું આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન LIT સરીગામના NSS યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આહુગામમાં ત્રણ સ્થળે ગણપતિ બાપાની સ્થાપના કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૭ :** ઉમરગામ તાલુકાના આહુ ગામમાં આ વર્ષે ત્રણ અલગ-અલગ સ્થળોએ શ્રી ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે. ગામના વિવિધ વિસ્તારોમાં ગણપતિ ઉત્સવના દિવસો પણ અલગ રાખવામાં આવ્યા હોવાથી સમગ્ર ગામમાં સતત ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. આહુ ગામના ફળિયા-૧માં દોઢ દિવસ, ફળિયા-૨માં અઢી દિવસ અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાંચ દિવસ સુધી ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે. અલગ-અલગ દિવસો સુધી ચાલતા આ ધાર્મિક કાર્યક્રમોમાં ગામની બહેનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. ગણપતિ ઉત્સવ દરમિયાન ધાર્મિક સંસ્કાર સાથે સામાજિક એકતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપવામાં આવી રહ્યો છે. ભક્તો દ્વારા ગણપતિ બાપાની પૂજા-અર્ચના સાથે પર્યાવરણ જાળવણી પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અલગ-અલગ સ્થળોએ અલગ સમયગાળા માટે યોજાયેલા ગણપતિ ઉત્સવને કારણે આખા આહુ ગામમાં ગણપતિ બાપા મોરિયાના જયઘોષ સાથે ભક્તિમય વાતાવરણ છવાયું છે.


## સંજાણમાં રોટરી કલબ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** દિલખુશ વેલફેર સોસાયટી સંચાલિત Mentally Handi-capped Adults માટેના સંજાણ હોમ, સંજાણ ખાતે રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શનિવારે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન સંજાણ હોમમાં રહેતા લાભાર્થીઓનું CBC, ECG, વિઝન ટેસ્ટ તેમજ જનરલ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આરોગ્યની નિયમિત તપાસના હેતુથી યોજાયેલા આ કેમ્પનો લાભ સંજાણ હોમના રહેવાસીઓને મળ્યો હતો. આ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન રોટરી ક્લબ ઓફ સરીગામના પ્રમુખ રો. રેશમા રાવ તથા હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. દિવ્યેશ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે એન.આર. અગ્રવાલ હોસ્પિટલના તબીબો અને સ્ટાફ દ્વારા જરૂરી સહયોગ આપવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ સરીગામની આ આરોગ્યલક્ષી પહેલને સંજાણ હોમના સંચાલકો તથા લાભાર્થીઓ દ્વારા આવકારવામાં આવી હતી.

## ઉમરગામ એમ. કે. મહેતા કેમ્પસમાં ગણેશ ચતુર્થીની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** શ્રી એમ. કે. મહેતા કેમ્પસ ખાતે ગણેશ ચતુર્થીના પાવન પર્વની શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દોઢ દિવસ માટે શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશજીની સ્થાપના તથા પૂજન દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. સમગ્ર કેમ્પસમાં ભક્તિમય અને આનંદમય વાતાવરણ સર્જાયું હતું. વિદ્યાર્થીઓએ ગણેશજીની આરાધના સાથે એકતા, સંસ્કાર અને ભારતીય પરંપરાની સુંદર ભાવનાને ઉજાગર કરી હતી.

ઉત્સવના અંતે પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને ઈકો-ફ્રેન્ડલી રીતે ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ અને જવાબદારીનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

પરંપરા અને પર્યાવરણ વચ્ચે સુંદર સમન્વય સાથે યોજાયેલી આ ઉજવણી સૌ માટે યાદગાર બની રહી હતી. આ શુભ અવસરે સુકેતુ મહેતા દ્વારા સમગ્ર કેમ્પસ પરિવારને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ઉમરગામ તાલુકાના ખેડૂતો ફાર્મર રજીસ્ટ્રેશન જોગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** ઉમરગામ તાલુકાના તમામ ખેડૂત ખાતેદાર મિત્રોને પોતાના ખાતાની જમીનનું ફાર્મર રજીસ્ટ્રેશન અવશ્ય કરાવી લેવા મામલતદાર કચેરી, ઉમરગામ તરફથી ખાસ સૂચના આપવામાં આવી છે. ખેડૂતો ગ્રામ પંચાયત કચેરી ખાતે તેમજ CSC સેન્ટર પરથી ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકાશે. મામલતદાર કચેરી દ્વારા જણાવાયું છે કે, જે ખેડૂતોનું ફાર્મર રજીસ્ટ્રેશન બાકી રહેશે તેઓને સરકાર તરફથી મળતા વિવિધ ખેતી વિષયક લાભો, કૃષિ ધિરાણ, સબસિડી તથા અન્ય યોજનાકીય લાભો મેળવવામાં ભવિષ્યમાં મુશ્કેલી પડી શકે છે. તેથી રજીસ્ટ્રેશન બાકી હોય તેવા તમામ ખેડૂતોએ તાત્કાલિક ધોરણે નોંધણી પૂર્ણ કરાવવા અપીલ કરવામાં આવી છે.

દરેક સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યઓને પોતાના વિસ્તારના ખેડૂતોને આ અંગે જાણ કરી રજીસ્ટ્રેશન કરાવવા માટે પ્રચાર-પ્રસાર કરવા જણાવાયું છે, જેથી ઉમરગામ તાલુકાના એકપણ ખેડૂતનું ફાર્મર રજીસ્ટ્રેશન બાકી ન રહે. આ કામગીરી ઝડપી પૂર્ણ કરવા માટે ગ્રામ પંચાયતોએ તલાટી કમ મંત્રી, મહેસૂલી તલાટી તથા ગ્રામ સેવક સાથે સંકલન કરી ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહકાર આપવા મામલતદાર કચેરી દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## ભીલાડમાં પર્યુષણ પર્વની ઉજવણી કરાઈ

### તપસ્વીઓ સાથે ભગવાન શ્રીની પાલખીયાત્રા અને વરઘોડો યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** ભીલાડ નગરમાં પાર્શ્વનાથ પ્રભુની છત્રછાયામાં પર્યુષણ પર્વની સુંદર આરાધના અને ભક્તિમય ધાર્મિક માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે પ્રભુજીના દ્વાર ખોલવાનો પાવન લાભ પદ્માવતી અમૃતલાલજી કિતાવત પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે તપસ્વીઓ સાથે ભગવાન શ્રીની પાલખીયાત્રા ભક્તિ અને હર્ષોલ્લાસપૂર્વક કાઢવામાં આવી હતી. પાલખીયાત્રામાં જૈન સમાજના મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા હતાં. પૂજ્ય ગુરુમહારાજશ્રીના આશીર્વાદથી સમગ્ર ધાર્મિક વાતાવરણ વધુ ભાવમય બન્યું હતું. પાલખીયાત્રા દરમિયાન જૈનમ્ જયતિ શાસનમ્ તથા ત્રિશલા નંદન વીરની, જય બોલો મહાવીરની જેવા જયઘોષથી સમગ્ર ભીલાડ નગર ગુંજી ઉઠ્યું હતું. ભગવાનની પાલખીયાત્રા સાથે તપસ્વીઓનો વરઘોડો પણ ઉત્સાહપૂર્વક કાઢવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના સભ્યો તથા ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ તપસ્વીઓની સુખ-શાતા પૂછી તેમની તપસ્યાની ભૂરીભૂરી અનુમોદના કરવામાં આવી હતી. પર્યુષણ પર્વ નિમિત્તે ભીલાડ જૈન સમાજમાં ભક્તિ, તપ અને આરાધનાનો પાવન માહોલ જોવા મળ્યો હતો.

### શ્રી જય અંબે નવયુવક મંડળ અને જય અંબે મહિલા મંડળ દ્વારા

## સંજાણમાં ૪૦ ગણેશ પંડાલોની મુલાકાત લઈ આરતી પુસ્તિકાનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** ગણેશ મહોત્સવ નિમિત્તે શ્રી જય અંબે નવયુવક મંડળ-સંજાણના કાર્યકર્તાઓ દ્વારા સંજાણ ગામના વિવિધ વિસ્તારોમાં આવેલા આશરે ૪૦ જેટલા સાર્વજનિક ગણેશ પંડાલોની મુલાકાત લેવામાં આવી હતી.

આ દરમિયાન ગણેશજીના દર્શન કરી આરતીમાં સહભાગી બન્યા હતાં. મંડળના માધ્યમથી મહારાજ સુનિલભાઈ તિવારીજી દ્વારા તૈયાર કરવામાં આવેલી ગણેશજીની આરતી સંગ્રહ પુસ્તિકાનું શ્રી જય અંબે નવયુવક મંડળ અને જય અંબે મહિલા મંડળ દ્વારા સામૂહિક રીતે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખ પિન્કુભાઈ યાદવે જણાવ્યું હતું કે સંજાણના આંતરિયાળ વિસ્તારોમાં યોજાતા ગણેશ મહોત્સવના પંડાલોમાં આરતીની પુસ્તિકા ખૂબ જ ઉપયોગી બની રહે છે. આ હેતુથી મંડળ દ્વારા આશરે ૩૦૦ જેટલી આરતી પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવ દરમિયાન ધાર્મિક એકતા અને ભક્તિભાવને પ્રોત્સાહન આપવાના આ પ્રયાસને ગણેશ મંડળો અને ભક્તો દ્વારા આવકારવામાં આવ્યો હતો.

## ઉમરગામ કોર્ટમાં યુવા સિવિલ જજ મનોજભાઈ આર. દવેની શપથવિધિ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** સિંહોર સંપ્રદાય ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ સુરત સમાજના યુવા પ્રમુખ મનોજભાઈ આર. દવેની સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે ઉમરગામ ખાતે પોસ્ટિંગ થતાં ગણેશ ચતુર્થીના પાવન દિવસે ઉમરગામ કોર્ટ ખાતે શપથવિધિ યોજાઈ હતી. વિઘ્નહર્તા, સુખકર્તા અને દુ:ખહર્તા શ્રી ગણપતિ બાપાના આશીર્વાદ સાથે મનોજભાઈ આર. દવે જજ સાહેબે ઉમરગામ કોર્ટ ખાતે પોતાની નવી સંવિધાનિક સેવાની શપથ ગ્રહણ કરી હતી. આ પ્રસંગે ઉમરગામના આંતરરાષ્ટ્રીય યુવા કથાકાર તથા ભાગવતાચાર્ય શાસ્ત્રી હાર્દિકભાઈ શુક્લ અને શાસ્ત્રી ચંદુભાઈ શુક્લ દ્વારા મનોજભાઈ આર. દવેનું પુષ્પગુચ્છ અર્પણ કરી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

મનોજભાઈ આર. દવેની ઉમરગામ ખાતે સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકેની નિમણૂકથી બ્રહ્મસમાજમાં ગૌરવની લાગણી જોવા મળી હતી. ગણેશ ચતુર્થીના શુભ દિવસે શરૂ થયેલી તેમની આ નવી સંવિધાનિક સેવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ભીલાડ બાળ મિત્ર મંડળ દ્વારા ૨૩ વર્ષથી શ્રીજીનું સ્થાપન અકબંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામપ, તા. ૧૭ :** ભીલાડ બાળ મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી સાર્વજનિક ગણેશ ઉત્સવની પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ વર્ષે પણ મંડળ દ્વારા ભવ્ય ગણેશજીની સ્થાપનાનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવાર, તા. ૧૨ના રોજ શ્રી ગણેશજીના ભવ્ય આગમન પ્રસંગે સમગ્ર ભીલાડ વિસ્તારમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ઢોલ-નગારાના નાદ અને ડીજેના તાલે ભક્તોએ ગણપતિ બાપાના આગમનને વધાવ્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તથા ભક્તજનો ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રી ગણેશજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ગણેશજીના આગમન સાથે સમગ્ર ભીલાડ વિસ્તારમાં ભક્તિ અને ખુશીની લહેર પ્રસરી હતી. મંડળના સભ્યો સહિત મોટી સંખ્યામાં ભક્તોએ ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગણેશ ચતુર્થીના દિવસોમાં ગણપતિ બાપા પ્રત્યેની લાગણી, શ્રદ્ધા, પૂજા-અર્ચના અને નીતિ-નિયમોનું પાલન કરતા આ મંડળે છેલ્લા છ-સાત વર્ષમાં ગણેશ ઉત્સવને વિશાળ સ્વરૂપ આપ્યું છે. પરિણામે મંડળના પંડાલમાં સ્થાપિત થતા ગણપતિ બાપા આજે 'ભીલાડ કે રાજા'ના ઉપનામથી પ્રખ્યાત થયા છે. આ વર્ષે પણ 'ભીલાડ કે રાજા'ના ભવ્ય આગમન અને સ્વાગત પ્રસંગે બાળ મિત્ર મંડળના સભ્યોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ૨૩ વર્ષથી જાળવવામાં આવતી આ પરંપરા નવી પેઢી માટે પણ શ્રદ્ધા, સંસ્કાર અને એકતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં 3 દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનો પ્રારંભ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારની એકમ ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સહયોગથી તથા બીઆરસી ભવન, ધરમપુર દ્વારા ધરમપુર તાલુકાના શિક્ષકો માટે તા. ૧૭થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત ત્રણ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. તાલીમ દરમિયાન NEP-૨૦૨૦ અને NCF-SE ૨૦૨૩ના અનુસંધાનમાં ગણિત શિક્ષણના નવા અભિગમ અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. નવા પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ Figure It Out, Math Talk, Try This, Explore, Puzzles, Diagrams અને TeacherÓs Note જેવા વિવિધ વિભાગોનો વર્ગખંડમાં અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે તાલીમાર્થી શિક્ષકોને પ્રાયોગિક સમજ આપવામાં આવી રહી છે.

તાલીમના પ્રથમ દિવસે ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તકને અનુરૂપ વિવિધ વિષયો પર તજજ્ઞ શિક્ષકો દ્વારા માર્ગદર્શન તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીગરકુમાર એમ. કેપ્ટન, ઉચ્ચતર શિક્ષણ વિદ્યામંદિર હેટી પ્રાથમિક શાળા, તિસ્કરી તલાટ દ્વારા ગણિતમાં પેટર્ન, રેખાઓ અને ખૂણા તથા સંખ્યાની રમત વિષય પર પ્રવૃત્તિ આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હિતેશકુમાર પટેલ, ઉચ્ચતર શિક્ષણ જામલિયા પ્રાથમિક શાળા દ્વારા "NCF-SE ૨૦૨૩ મુજબના ગણિતના અભિગમ અને ગણિતના પેડાગોજિકલ ઘટકોજ્ઞ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સત્રમાં ગણિત શિક્ષણના નવા અભિગમો, વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી અને સંકલ્પનાત્મક સમજ વિકસાવવા માટેની વિવિધ શિક્ષણ પદ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

કિરણ પટેલ, જામનપાડા વર્ગ શાળા દ્વારા માહિતીનું નિયમન અને રજૂઆત, પરિમિતિ અને ક્ષેત્રફળ તથા સમમિતિજ્ઞ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રજ્ઞેશ ડી. રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ૨૦૨૬-૨૭ અંગે નોંધણી પ્રક્રિયા, પરીક્ષાની રચના, સમયપત્રક, શિષ્યવૃત્તિ, ઈન્ટર્નશિપ તેમજ રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ ઉપરાંત ભૂમિતિ, પરિમિતિ અને ક્ષેત્રફળ જેવી મહત્વપૂર્ણ ગણિતીય સંકલ્પનાઓ અંગે પણ ઉદાહરણો અને પ્રવૃત્તિઓ દ્વારા સમજ આપવામાં આવી હતી.

ત્રણ દિવસીય આ તાલીમ કાર્યક્રમ દરમિયાન શિક્ષકોને પાઠ્યપુસ્તક આધારિત વિષયવસ્તુને પ્રવૃત્તિ, ચર્ચા, પ્રશ્નોત્તરી, નિરીક્ષણ અને સહભાગી અભિગમ દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટેની અસરકારક શિક્ષણ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમ દ્વારા શિક્ષકોને ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તકના અસરકારક અમલીકરણ માટે ઉપયોગી અને પ્રાયોગિક માર્ગદર્શન મળશે તેમજ વર્ગખંડમાં ગણિત શિક્ષણને વધુ રસપ્રદ, સરળ, પ્રવૃત્તિલક્ષી અને અસરકારક બનાવવામાં સહાયરૂપ થશે.

## મોરબી વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સાયન્સ સેમીનાર યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

મોરબી સાયન્સ સેન્ટરમાં આજ રોજ તા.૧૭ સપ્ટેમ્બરે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મ દિવસે ભારત સરકાર દ્વારા વિજ્ઞાનનાં પ્રસાર માટે નેશનલ સાયન્સ મ્યુઝિયમ દ્વારાં નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૨૬નું જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ સાયન્સ સેમીનાર ૨૬માં મોરબી જીલ્લાની ૧૧ જુદી જુદી શાળાઓનાં ધોરણ ૮ થી ૧૦નાં ૬૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનાં મુખ્ય અતિથિ શ્રમ રોજગાર મંત્રી કાંતીભાઈ અમૃતિયા હતાં.

આ નેશનલ સાયન્સ સેમીનાર- ૨૬ની જીલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ બધા જ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રથમ બે વિજેતાઓ (૧) પ્રાચી રંજન નાલંદા વિદ્યાલય વિરપર તથા (૨) જાની ધૈર્યા ડી.જે.પી. કન્યા વિદ્યાલય મોરબીને સિલ્ડ તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાં. સાયન્સ સીટી અમદાવાદમાં રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યા છે.

## જુનાગઢ બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રમાં સાયન્સ સેમીનાર યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત રાજ્યના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં એકસાથે 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬' (National Science Seminar - NSS)ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ આયોજન રાજ્યના તમામ જિલ્લાઓમાં આવેલા લોક વિજ્ઞાન કેન્દ્રો (Community Science Centres)ના સક્રિય સંકલન અને સહયોગથી સંપન્ન થયું છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM)ની માર્ગદર્શિકા અનુસાર GUJCOST દ્વારા દર વર્ષે આ રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં જુનાગઢ જિલ્લામાં શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આ સેમિનાર યોજાયો હતો.

આ પરિસંવાદનું મુખ્ય વિષય ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવનાઓ અને પડકારો રાખવામાં આવ્યું હતું. પરિસંવાદમાં વિદ્યાર્થીઓએ ભારતની ભાવિ ઊર્જા જરૂરિયાતો, પુનઃ-ાપ્ય ઊર્જા, ઊર્જા સુરક્ષા, ટકાઉ વિકાસ, ઉભરતી ઊર્જા તકનીકો તેમજ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટેના વિવિધ પડકારો અંગે પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતાં. જિલ્લાના ૪૩ જેટલી શાળાઓના કુલ ૪૬ વિદ્યાર્થીઓ, ૪૦ શિક્ષકો અને ૨૫ આમ જનતા એ આ જિલ્લા કક્ષાના સેમિનાર માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ વિદ્ અને સંસ્થા ના ચેરમેન ગિજુભાઈ ભરાડ ઉપસ્થિત રહ્યા હતાં.

વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શીલ્ડ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા અને દરેક પાર્ટિસિપેટ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો આપવામાં આવેલ હતાં. આતકે ગિજુભાઈ ભરવાડ સાહેબ દ્વારા આગળ રાજ્યકક્ષાએ જતાં વિદ્યાર્થીઓને આશીર્વાદ વચન તેમજ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ માટે આઈપી ઓફિસર શ્રધ્ધા બેન કચોટ આસિસ્ટન્ટ રીનાબેન મકવાણા અને વોલેન્ટિયરો દ્વારા જેહમતો ઉઠાવવામાં આવી હતી. પ્રતાપસિંહ ઓરાએ જણાવ્યું હતું.



## વાપીની ફેલોશિપ મિશન સ્કૂલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી

**વાપી, તા.૧૭ :** વાપી સ્થિત ફેલોશિપ મિશન સ્કૂલે શાળાના કેમ્પસમાં ઉત્સાહભેર ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી મેનેજિંગ ડિરેક્ટર સી.વી. મેથ્યુ, ડિરેક્ટર જુલી મેથ્યુ, પ્રિન્સિપાલ સંદીપ મરહટ્ટા અને વાઈસ પ્રિન્સિપાલો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજર રહ્યા હતાં. વિદ્યાર્થીઓને સંબોધતા, પ્રિન્સિપાલ સંદીપ મરહટ્ટાએ ગણેશ ચતુર્થીના મહત્વને સમજાવ્યું હતું. તેમણે યુવા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને વિવિધતા સાથે જોડવાના માર્ગ તરીકે આવા પ્રસંગોની ઉજવણીના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ ઉજવણી થકી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક જાગૃતિ, મૂલ્યો, એકતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતી તકો પૂરી પાડવા શાળાએ પ્રયાસ કર્યો હતો.

## આજે વાપીમાં વિશ્વકર્મા પ્રતિમાઓનું વિસર્જન

**વાપી, તા.૧૭ :** વાપીમાં આજે વિશ્વકર્મા જયંતી નિમિત્તે ભગવાન વિશ્વકર્માની પ્રતિમાનું એન્જિનિયરિંગ કંપની સાથે સંકળાયેલા કારીગરો દ્વારા તેમના ધંધાના સ્થાને તેમજ નિવાસસ્થાને વિશ્વકર્માની પ્રતિમાનું સ્થાપના અને ભજન કીર્તન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જોકે એન્જિનિયરિંગના ધંધા સાથે સંકળાયેલા મોટાભાગના લોકોએ તેમના કામકાજ આજે બંધ રાખી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરી હતી. આજે સ્થાપના બાદ આવતીકાલે વિસર્જન યાત્રા નીકળશે જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે.

## વાપીની રાજમોતી સોસાયટીમાં ગણેશ ઉત્સવ નિમિત્તે ભજન સ્પર્ધા યોજાઈ



**વાપી, તા.૧૭ :** બુધવારે બપોરે ૩ વાગ્યાથી વાપીની રાજમોતી સોસાયટીના ગણેશ મંડપમાં ભજન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમક્રમે સખી મંડળ રાજ રેસીડન્સી વિજેતા બની હતી.

આ સ્પર્ધામાં દરેક મંડળોએ પોતાના પુરુસાર્થ, લગન અને ઉત્સાહથી પોતા પોતાનું પેરફોર્મન્સ નિભાવ્યું હતું. ભજનની રમઝટથી પૂરું ગણેશ મંડપ અને રાજમોતી સોસાયટી ભક્તિમય બન્યુ હતું. ભજનોમાં વિવિધ વેશો જેવા કે શિવજી, શ્રી કૃષ્ણ, રાધાજી, ગોપીયો વિગેરે હતાં. રશમિકાબેન દવારા ભજન અને ભક્તિ વિષે વિષેશ જાણકારી આપી હતી. અંતમાં અન્ય બહેનો દ્વારા અલગ અલગ નવિન ભજન પણ ગાવામાં આવ્યા હતાં. ભજન સપરધામાં કુલ એકથી પાંચ નંબરો જાહેર કરવામાં આવ્યા હતાં. અન્ય મંડળોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતાં. આ સ્પર્ધા માણવા રાજમોતી સોસાયટીની બહેનો તથા પતંજલિ પરિવારની બહેનો હજાર રહ્યા હતાં. આ ભજન સ્પર્ધામાં પ્રથમ નંબરે સખી મંડળ રાજ રેસીડનસી, બીજા નંબરે અસ્ટ વિનાયક મહિલા મંડળ છરવાડા, ત્રીજા નંબરે જય અંબે મંડળ ૧ ચણોદ, ચોથા નંબરે સખી મંડળ રાજ મોતી ફેસ ૧ અને પાંચમા નંબરે જય અંબે મંડળ ચણોદ-૨ વિજેતા જાહેર થયા હતાં. આ ભજન સ્પર્ધાને સફળ બનાવવામાં પતંજલિ પરિવાર, રાજમોતી સોસાયટી મંડળ તથા સોસાયટીની બહેનોનો સંપૂર્ણ સહકાર રહ્યો હતો.

આ સ્પર્ધાના નિર્ણાયક રૂપે સંગીત નિષ્ણાંતોમાં વરિષ્ટ પટેલ જયાબહેન તથા ડૉ. પ્રાધ્યાપક અનિતાબેન મહેતા હાજર રહ્યા હતાં. અતિથિ વિશેષ રશમિકાબેન મેહતા અને માયાબેન ભટ્ટ ઉપસ્થિત રહી સતત સ્પરધકોનો ઉત્સાહ વધારતા રહ્યા છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM ARVINDBHAI VITHTHALBHAI PATEL TO ARVIND VITAL ADDRESS: - FLAT NO. 1082/1, KAMLI FALIA, NANI VANKAD, BHIMPORE, NANI DAMAN-396210

**CHANGE OF NAME**

OLD NAME :- SHAILESHBHAI MOHANBHAI PATEL NEW NAME :- SHAILESHKUMAR MOHAN PATEL ADDRESS :- H.NO. 594, BHARWAD FALIYU, MAGARWADA, MOTI DAMAN, DAMAN 396220

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KAVITABEN ARVINDBHAI PATEL TO KAVITA ARVIND ADDRESS: - FLAT NO. 1082/1, KAMLI FALIA, NANI VANKAD, BHIMPORE, NANI DAMAN-396210

**નામ બદલ્યું છે**

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **પોચાભાઈ ભગાભાઈ પટેલ** હતું જે બદલીને મારૂ નવું નામ **ડાહ્યાભાઈ ભગાભાઈ પટેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **ડાહ્યાભાઈ ભગાભાઈ પટેલ**
સરનામું : નિશાળ ફળિયા, મુ.મો. એંદરગોટા, વાયા- ડુંગરી, જી.વલસાડ (ગુજરાત)





## વડાપ્રધાનના જન્મદિને વલસાડ તા.પં. કચેરીનું નાણાંમંત્રી હસ્તે હસ્તે લોકાર્પણ





**વલસાડ, તા.૧૭ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિને રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડ તાલુકા પંચાયતની કચેરીના નવા મકાનનું લોકાર્પણ કરાયું હતું.

રૂા.૩ કરોડ ૧૦ લાખના ખર્ચે નિર્માણ થયેલી વલસાડ તાલુકા પંચાયત કચેરીના લોકાર્પણ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવા, સમર્પણ અને સુશાસન સાથે રાજ્ય અને દેશનો વિકાસ કર્યો છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે દરેક જિલ્લામાં પ્રવાસ કરી લોકોની સમસ્યા જાણી ગરીબો અને વંચિતોને કેવી રીતે વિકાસની મુખ્ય ધારામાં લાવી શકાય તે માટે પ્રયાસ કર્યા હતા.

દરેક તાલુકા પંચાયતના પ્રમુખો, સભ્યો અને તાલુકા વિકાસ અધિકારીઓને અપીલ કરતા મંત્રીએ વધુમાં જણાવ્યું કે, સરકારે જેટલી પણ યોજના બનાવી છે તેનો લાભ લોકો સુધી પહોંચાડવાની જવાબદારી તમારી છે કહી વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યોને શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું કે, વર્ષ ૨૦૪૭માં દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પુરા થશે ત્યાં સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વડાપ્રધાનનું સપનુ છે.

તેઓ દેશના વિકાસ માટે ૨૪ કલાકમાંથી ૧૮ કલાક સતત કામ કરી રહ્યા છે. આ નવા મકાનના લોકાર્પણથી અધિકારીઓ અને કર્મચારીઓને સારી સુવિધા મળવાથી ઉર્જા સાથે કામ કરશે.

વલસાડ - ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે જણાવ્યું કે, આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે એટલે અનેરો ઉત્સાહ છે.

નવી તાલુકા પંચાયતની કચેરીના લોકાર્પણથી તાલુકાના છેવાડાના લોકોને તેમજ ગરીબ અને વંચિત લોકોની સરકાર પ્રત્યેની અપેક્ષાઓ પૂર્ણ થશે. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આભારવિધિ વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ મેહવાલાએ કરી હતી.

**ટેરેસ ગળે છે ??**
**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**
**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**

**સંઘપ્રદેશ પ્રશાસન, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ, આગ તથા આકસ્મિક સેવા વિભાગ, સેલવાસ**
**નિવિદા આમંત્રણ સૂચના**
વોટર ટેંડર DD-01-A-9589 નાં પાર્ટ્સનું નોટીસની યાદી/દસ્તાવેજો મુજબ સમારકામ/બદલી તથા સર્વિસિંગ કરવા માટે
વિગતો માટે સ્કેન કરો
https://dnh/gov.in
0260-2640022
ટેન્ડર સુચના સ : ૦૨ ઓફ ૨૦૨૬-૨૭
ચાલુ તારીખ : ૦૩/૦૯/૨૦૨૬
લાસ્ટ તારીખ : ૨૨/૦૯/૨૦૨૬
૧૫:૦૦ સુધી
કોઈ પણ અન્ય માહિતી માટે
**સહાયક નિર્દેશક, આગ તથા આકસ્મિક સેવાઓ, સેલવાસ**
NO.: IP/DMN/2/5/2026-27/502 DATED : 17/09/2026

**સંઘપ્રદેશ પ્રશાસન, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ, આગ તથા આકસ્મિક સેવા વિભાગ, સેલવાસ**
**નિવિદા આમંત્રણ સૂચના**
વોટર ટેંડર DN-09-L-0020 નાં પાર્ટ્સનું નોટીસની યાદી/દસ્તાવેજો મુજબ સમારકામ/બદલી તથા સર્વિસિંગ કરવા માટે
વિગતો માટે સ્કેન કરો
https://dnh/gov.in
0260-2640022
ટેન્ડર સુચના સ : ૦૧ ઓફ ૨૦૨૬-૨૭
ચાલુ તારીખ : ૦૩/૦૯/૨૦૨૬
લાસ્ટ તારીખ : ૨૨/૦૯/૨૦૨૬
૧૫:૦૦ સુધી
કોઈ પણ અન્ય માહિતી માટે
**સહાયક નિર્દેશક, આગ તથા આકસ્મિક સેવાઓ, સેલવાસ**
NO.: IP/DMN/2/5/2026-27/501 DATED : 17/09/2026

**લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત**
**જીઆઇડીસી લાયન્સ શ્રીમતી પુરીબેન પોપટ લાખા બ્લડ સેન્ટર (સ્થાપના વર્ષ ૨૦૦૩) - જીઆઇડીસી - વાપી**

ગત તા. ૨૩ જુલાઈમાં વરસાદી પૂર પ્રકોપ થકી અમારી સંસ્થાને ઘણી નુકસાની વેઠવાની થઇ હતી. હવે આ સંસ્થાને પુનઃ કાર્યરત કરવામાં હમોને સફળતા સાપડી છે. અને હવે આ બ્લડ સેન્ટર પુનઃ ચાલુ થઇ ચૂક્યુ છે, જેની સૌ રક્તદાતાઓ, બ્લડ ડોનેશન કેમ્પના ઈચ્છુક આયોજકોએ નોંધ લેવા વિનંતી છે.હવે રક્ત (Blood) મેળવવા જરૂરિયાતમંદોને બ્લડ સેન્ટર ખાતે તથા મેનેજીંગ કમીટીના સભ્યો નો સંપર્ક કરવા વિનંતી.

લાયન અશોક શુક્લ - ટ્રસ્ટી (ઇન્ચાર્જ) ૯૮૨૫૧ ૧૬૧૧૬
લાયન ડો.બીપીન ગાંધી - એમડી મેડિકલ ઓફિસર - ૯૮૨૫૧ ૩૨૬૪૩
ડો.અક્ષય દમણીયા - એમબીબીએસ મેડિકલ ઓફિસર - ૮૨૩૮૪ ૨૯૩૯૩
લાયન મુકેશ દેસાઈ - ટ્રસ્ટી ચેરમેન - ૯૮૨૫૪ ૫૧૦૫૧
લાયન ડો.અજય આચાર્ય - ટ્રસ્ટી-વાઇસ ચેરમેન - ૯૮૨૪૧ ૭૬૬૪૨
લાયન એલ.એન.ગર્ગ - ટ્રસ્ટી - ૯૮૯૮૮ ૮૭૭૭૦
લાયન કમલેશ પટેલ - ૯૮૨૫૧ ૨૪૨૪૪
લાયન કેતન જોષી - ૯૮૨૫૧ ૨૮૦૦૦
લાયન પી.ડી.ખેડકર - ૯૮૨૫૫ ૧૫૨૫૨
લાયન રોહિત સોમપુરા - ૯૮૨૪૧ ૪૪૬૪૬
લાયન ડો.શરદ તિવારી - ૭૫૭૪૮ ૪૯૬૮૪
લાયન ગીરીશ પટેલ - ૯૮૭૯૪ ૭૯૨૯૨







Friday 18, September 2026

# દમણગંગા ટાઈમ્સ



સિદ્ધનાથ મિત્ર મંડળ, સાર્વજનિક મિત્ર મહોત્સવ, વાપી



રામા રેસીડેન્સી યુવક મંડળ, ખડકલા રોડ, વાપી

## વાપી યુપીએલ કંપની ખાતે શ્રીજીનાં નાણાંમંત્રીએ દર્શન કર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વાપી જીઆઈડીસી માં આવેલી યુપીએલ કંપની ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ગણેશ ચતુર્થીના પર્વે કંપની પરિસરમાં આવેલા ગણેશ મંદિરમાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્થાપિત કરવામાં આવેલા શ્રીજીના દર્શનાર્થે ગુજરાત રાજ્યના નાણાં તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી અને વાપીના સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ યુપીએલ કંપની ખાતે પહોંચ્યા હતા. તેમણે શ્રદ્ધાપૂર્વક શ્રીજીના દર્શન અને પૂજન કરી સમગ્ર રાજ્ય તેમજ વાપી વિસ્તારના લોકોની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગણેશોત્સવ નિમિત્તે કંપની પરિસરમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

### વડાપ્રધાનના જન્મદિવસે વલસાડ જિલ્લાને નવા માહિતી ભવનની ભેટ

## માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કાર્ય કરે છે: કેબિનેટ મંત્રી કનુભાઈ





**વલસાડ, તા. ૧૭ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈએ રૂ. ૦૨ કરોડ ૧૧ લાખના ખર્ચે નિર્માણ થયેલા વલસાડ જિલ્લા માહિતી ભવનનું લોકાર્પણ કરી જિલ્લાને ભેટ આપી હતી.

નવા માહિતી ભવનના ઉદઘાટન પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સમગ્ર ભારત વર્ષ માટે આજે ઐતિહાસિક દિવસ છે. આજે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે. એમણે ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ વડાપ્રધાન સુધીની રાજકીય સફર અને તેમના નેતૃત્વમાં થયેલી દેશની વિકાસગાથાને વર્ણવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજે સરકારની તમામ યોજનાઓ અને સરકારી કાર્યક્રમોની સાચી માહિતી જાહેર જનતા સુધી પહોંચાડવા માટે મહત્વની ભૂમિકા ભજવતા માહિતી ભવનના નવા મકાનનું લોકાર્પણ કરાયું છે. માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કાર્ય કરે છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન જે પટેલે જિલ્લાના નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસાને અભિનંદન પાઠવ્યા હતાં.

માહિતી ભવનના નવા મકાનમાં ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કિંગની સુવિધા અને પત્રકાર રૂમનો સમાવેશ કરાયો છે. ફર્સ્ટ ફલોર ઉપર ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન ઓફિસરની ચેમ્બર, સિનિયર સબ એડિટરની ચેમ્બર, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, એડમિન અને એકાઉન્ટ બ્રાંચ, ઈન્ફોર્મેશન આસિસ્ટન્ટ અને સ્ટાફ ચેમ્બર તથા લિટરેચર રૂમ, રેકર્ડ રૂમ, રજિસ્ટ્રી અને માહિતી કેન્દ્રનો સમાવેશ કરાયો છે. સેકન્ડ ફલોર પર ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયરની ચેમ્બર, ઈલેકટ્રોનિક મીડિયા અને ટેકનિકલ બ્રાંચ હોલ, એક્ઝિબિશન/કોન્ફરન્સ હોલ વીથ લાઈબ્રેરી, સ્ટોરરૂમ તેમજ વધારાના બે રૂમનો સમાવેશ કરાયો છે.

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે જણાવ્યું કે, માહિતી ખાતુ અને સરકાર એક સિક્કાની બે બાજુ છે. માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી બજાવે છે. માહિતી વિભાગની સુરત પ્રાદેશિક કચેરીના સંયુક્ત માહિતી નિયામકશ્રી એ.બી.મછાર અને નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા સહિત જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ દ્વારા મંત્રી સહિતના મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, જિલ્લા પ્રદેશ સંગઠનના મંત્રી સોનલબેન સોલંકી અને જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા અને જિલ્લાના મીડિયા કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી કસ્ટમ રોડ પર બે સ્કૂટર વચ્ચે અકસ્માત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વાપીના અતિ વ્યસ્ત ગણાતા કસ્ટમ રોડ પર ગઈકાલે મોડી રાત્રે બે વાહનો વચ્ચે જોરદાર ટક્કરનો બનાવ બન્યો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે ટક્કર બાદ બંને વાહનોને ગંભીર નુકસાન પહોંચ્યું હતું અને ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે મોડી રાત્રે બનેલી આ ઘટના અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. પોલીસ દ્વારા સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરાય તેવી શક્યતા છે.

## દમણની નમો હોસ્પિટલમાં કેન્સર સ્ક્રીનીંગ સેન્ટર શરૂ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૭ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભાવના મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા દ્ધ્ધ્ર - કેન્સર જાગૃતિ, જોખમ મૂલ્યાંકન અને પ્રારંભિક તપાસ શિબિરના ભાગ રૂપે નમો હોસ્પિટલમાં કેન્સર સ્ક્રીનીંગ સેન્ટરનું ઉદ્ઘાટન વહીવટીતંત્રના સલાહકાર અંકુર ગર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમયસર કેન્સર સ્ક્રીનીંગ, જોખમ મૂલ્યાંકન અને પ્રારંભિક નિદાનના મહત્વ પર ચર્ચા કરવામાં આવી હતી. એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે કેન્સરનું પ્રારંભિક નિદાન વધુ અસરકારક સારવાર તરફ દોરી શકે છે. લોકોને નિયમિત આરોગ્ય તપાસનું સમયપત્રક બનાવવા અને સંભવિત કેન્સરના લક્ષણોથી વાકેફ રહેવા વિનંતી કરવામાં આવી હતી.

ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા, મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખ દીપિકા ટંડેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ પટેલ, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને અન્ય મહાનુભાવો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

## વઘઈ-બીલીમોરા નેરોગેજ ટ્રેન સેવા પુન: શરૂ થતાં મુસાફરોમાં ખુશી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૭ :** બીલીમોરાથી વઘઈ જતી નેરોગેજ ટ્રેન સેવા અંદાજે એક માસ અગાઉ દક્ષિણ ગુજરાતમાં પડેલા મુશળધાર વરસાદને કારણે રેલવે ટ્રેક ધોવાઈ જતા બંધ કરવામાં આવી હતી.ટ્રેન સેવા બંધ થતા વઘઈ, ઉનાઈ યાત્રાધામ તેમજ અનાવલ, રાનકુવા, ધોળીકુવા, ચીખલી રોડ સહિતના વિસ્તારોમાંથી રોજગાર અને અન્ય કામકાજ માટે સુરત તથા વલસાડ તરફ અવરજવર કરતા નોકરીયાતો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.વરસાદની સ્થિતિ સામાન્ય બન્યા બાદ વલસાડ રેલવે તંત્ર દ્વારા ધોવાઈ ગયેલા રેલવે ટ્રેકના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બે દિવસ અગાઉ નેરોગેજ રેલવે ટ્રેકનું જરૂરી સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું હતુ.ત્યારબાદ એન્જિન દોડાવી ટ્રેકનું ફિટનેસ પરીક્ષણ કર્યા બાદ નેરોગેજ ટ્રેનને પણ એન્જિનની મદદથી બીલીમોરા ખાતે લાવવામાં આવી હતી. ત્યારબાદ આજે રેલવે તંત્ર દ્વારા બીલીમોરાથી વઘઈ તરફ નેરોગેજ ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં આવતા મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## વાપી આર.કે. દેસાઈ કેમ્પસમાં એમ.બી.એ. કોલેજનું ઉદ્ઘાટન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ. બી. એ. કોલેજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ નવી શૈક્ષણિક સંસ્થાની શરૂઆતને આવકારતાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ સાથે વ્યવહારુ જ્ઞાન, નેતૃત્વ કૌશલ્ય અને વ્યવસ્થાપન ક્ષેત્રે નવી તકો પ્રાપ્ત થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધી સરએ જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં મેનેજમેન્ટ શિક્ષણનું વિશેષ મહત્વ છે. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ, સંચાર કૌશલ્ય તથા નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવી સમયની માંગ છે. આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ. બી. એ. કોલેજ આ દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણએ દ્વારા ઉપસ્થિત મહેમાનો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. અભિષેક પટેલે કર્યુ હતું. સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહએ અભિનંદન પાઠવ્યા હતા.

## નડગખાદીમાં દીપડાએ બળદનું મારણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૭ :** ડાંગનાં નડગખાદી ગામના ચિકાર ફળિયામાં એક દીપડાએ રહેણાક ઘરના ઢોરના શેડમાં ઘૂસી બાંધેલા નાના બળદનું મારણ કરતા ગભરાટ ફેલાયો હતો. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ની મોડી રાત્રે ઘોઘલી ફીડરમાં સર્જાયેલા ફોલ્ટના કારણે વીજળી બંધ થઈ જતા દીપડાએ અંધારાનો સીધો લાભ લીધો હતો. ચિકાર ફળિયાના સ્થાનિક રહીશ રાજુભાઈ શિલુભાઈ ચૌધરીના ઘર નજીક આવેલા ઢોરના શેડમાં ઘૂસી દીપડાએ ત્યાં બાંધેલા બળદ પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.અન્ય પશુઓના ડરભર્યા અવાજો સાંભળી ઘરના સભ્યો તુરંત જાગી ગયા હતા અને તેમણે બૂમાબૂમ કરતા દીપડો અંધારાનો લાભ ઉઠાવી સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો.

આ ઘટના બાદ સ્થાનિક આગેવાન રવિન્દ્રભાઈ ભિવશનની મદદથી ઘરમાલિક રાજુભાઈ ચૌધરીએ ચિંચિનાગાંવઠા રેન્જના RFOને લેખિત જાણ કરી હતી. અરજી મળતાની સાથે જ ચિંચિનાગાંવઠા રેન્જના RFOના માર્ગદર્શન હેઠળ પીંપરી બીટના રાઉન્ડ ફોરેસ્ટર અફસનાબેન પોતાની ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. વન વિભાગની ટીમે ઘટનાસ્થળનું પંચનામું કરી જરૂરી માહિતી એકત્ર કરી છે. દીપડાના ત્રાસથી ગ્રામજનોને મુક્તિ અપાવવા માટે વન વિભાગ દ્વારા ઘટનાસ્થળે પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે.

## પંચલાઈના ખેતરમાંથી દારૂ ઝડપાયો

**વલસાડ, તા. ૧૭ :** વલસાડના પંચલાઈ ગામ ટેકરી ફળિયા માં આવેલા એક ખેતરમાં એલ. સી.બી.ની પોલીસે છાપો મારતા ૭૫ હજાર રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે અજાણ્યા બુટલેગર ને વોન્ટેડ જાહેર કર્યો છે. વલસાડ એલ.સી.બી. પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દારૂ અંગે પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એલ.સી.બી.ની ટીમને બાતમી આધારે વલસાડ તાલુકાના પંચલાઈગામના ટેકરી ફળિયામાં રહેતા રવીભાઈ શંભુભાઈ પટેલના ઘરની પાછળ ઢોર બાંધવાના ઓરડા નજીક આવેલા જશુબેન ભગુભાઈ પટેલના ખુલ્લા ખેતરમાં તપાસ હાથ ધરવામાં આવતાં પ્લાસ્ટિકની થેલીઓમાં સંતાડેલી વ્હીસ્કી અને બિયરની કુલ ૩૩૬ બોટલ/ટીન મળી રૂપિયા ૭૫,૪૭૬નો દારૂનો જથ્થો જપ્ત કરી ડુંગરી પોલીસ મથકે અજાણ્યા બુટલેગર વિરુદ્ધ ગુનો નોંધી તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

## સાપુતારા ઘાટમાર્ગ પર ટેમ્પો પલટ્યો

**સાપુતારા, તા.૧૭ :** મહારાષ્ટ્રનાં પુણે તરફથી માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી.જે.૩૩.ટી.૩૪૦૧ જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પથ્થરો સાથે ભટકાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.અહી આઈસર ટેમ્પો પથ્થરો અને નજીકની સંરક્ષણ દિવાલનાં પગલે ખીણમાં ખાબકતા બચ્યો હતો. આ બનાવમાં ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નાની મોટી ઈજા પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## કચીગામ હત્યા કેસમાં આરોપીની શોધવા વાપીના સીસીટીવી ફૂટેજ તપાસ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** દમણના કચીગામ ચેકપોસ્ટ નજીક દિનેશ બાર એન્ડ રેસ્ટોરન્ટની બાજુમાં નવી બની રહેલી બિલ્ડિંગમાંથી બે દિવસ અગાઉ હત્યા કરાયેલી હાલતમાં એક યુવકની લાશ મળી આવતાં દમણ પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. હત્યાના આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે દમણ ના કચીગામ ચેકપોસ્ટથી વાપી રેલવે સ્ટેશન સુધીના સંભવિત માર્ગો પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક તપાસમાં હત્યા કર્યા બાદ આરોપી વાપી રેલવે સ્ટેશન પહોંચ્યો હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને દમણ પોલીસે કચીગામ ચેકપોસ્ટથી વાપી રેલવે સ્ટેશન સુધીના માર્ગ પર આવેલા વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી વાપી રેલવે સ્ટેશન પરથી ટ્રેનમાં સવાર થઈ ફરાર થયો હોવાની ચર્ચા વચ્ચે પોલીસ દ્વારા આ દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. આ અંતર્ગત વાપીના હનુમાન મંદિર વિસ્તાર, પોસ્ટ વિભાગની કચેરી નજીકના માર્ગો તેમજ રેલવે સ્ટેશન તરફ જતા નેહરુ સ્ટ્રીટના ત્રણથી ચાર આંતરિક માર્ગો પર આવેલા હોટલો, દુકાનો અને અન્ય સ્થળોના સીસીટીવી કેમેરાના ફૂટેજ દમણ પોલીસે મેળવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આજે ગુરુવારે બપોરે દમણ પોલીસની ત્રણથી વધુ પોલીસ ટીમ અને વાહનો વાપીના વિવિધ વિસ્તારોમાં જોવા મળતાં સ્થાનિકોમાં પણ ભારે ચર્ચા જાગી હતી.

## વાપી પાલિકાના માજી સભ્ય દ્વારા ઘરવિહોણા પરિવાર માટે આવાસનું ખાતમુહૂર્ત કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વાપીના ગીતા નગર વિસ્તારમાં ઘરવિહોણા પરિવાર માટે વાપી નગરપાલિકાના માજી સભ્ય દિલીપભાઈ યાદવ દ્વારા બનાવવામાં આવનાર આવાસનું રાજ્યના નાણાંમંત્રી તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

દિલીપભાઈ યાદવ દ્વારા છેલ્લા આઠ વર્ષથી વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે પોતાના મતવિસ્તારમાં ઘરવિહોણા પરિવારોને શોધી તેમના માટે પાકા આવાસ બનાવવાની સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે.

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારના વોર્ડ નં. ૧૦માં આવેલા ગીતા નગરમાં રહેતા વિનેશભાઈ કાંતિભાઈ પટેલના પરિવાર માટે નવા આવાસનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું .વિનેશભાઈની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ જૂના અને જર્જરિત મકાનમાં રહેતા હતા. ચોમાસા દરમિયાન મકાનમાં ઠેરઠેર વરસાદી પાણી ભરાઈ જતું હતું અને મકાન ભયજનક સ્થિતિમાં પહોંચી ગયું હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેમના માટે નવું પાકું આવાસ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાતમુહૂર્ત પ્રસંગે વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, મહામંત્રી વિરાજ દક્ષિણી, વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, માજી સભ્ય સતિષભાઈ પટેલ, અજીતભાઈ મહેતા, મુકુંદાબેન પટેલ, પ્રવીણભાઈ પાટીલ, ભાવેશભાઈ મહેતા, ભાવેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.









**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**